

આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદ સ્વરૂપ છું, હું પોતે જ પરમાત્મસ્વરૂપ છું ને રાગાદિ સ્વરૂપે નથી—એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ... વિશ્વાસ...એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૬ સં. ૨૦૫૨ (૬૨૮) ✻ આત્મધર્મ ✻ (અંક-૮ વર્ષ-૫૨) વીર સં. ૨૫૨૨ ફેબ્રુઆરી, ૧૯૯૬

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* તત્ત્વને સમજતી વખતે યુક્તિમાર્ગ વડે આગમની વાતો જાણવી જોઈએ પણ આરાધના વખતે નહીં; કેમ કે અનુભવ તો પ્રત્યક્ષનો વિષય છે. ૪૫૨. (શ્રી માઈલ્લધવલ, નયચક્ર, શ્લોક-૨૬૮)

* પ્રશ્નઃ—મરણપર્યંત શૂળની જેમ હૃદયમાં ખટકે તે શું?

ઉત્તરઃ—ગુપ્તપણે કરેલું અકાર્ય. (કુકર્મ એ જ જીવને સદા ખટકયાં કરે છે.) ૪૫૩. (શ્રીમદ્ રાજર્ષિ અમોઘવર્ષ, રત્નમાલા, શ્લોક-૧૭)

* હે ભવ્ય! જો તને પોતાની ઉપર અપકાર કરવાવાળા પ્રત્યે ક્રોધ આવે છે તો તું એ ક્રોધ ઉપર જ ક્રોધ કેમ નથી કરતો? કારણ કે તે ક્રોધ તો તારો સૌથી વધુ અપકાર કરવાવાળો છે. તે ક્રોધ તારા ધર્મ, અર્થ અને કામરૂપ ત્રિવર્ગને તથા મોક્ષના પુરુષાર્થને તથા એટલે સુધી કે તારા જીવનને પણ નાશ કરવાવાળા છે. તો પછી આથી અધિક અપકારી બીજું કોણ હોઈ શકે છે? અર્થાત્ કોઈ નહિ. ૪૫૪.

(શ્રી વાદિભસિંહ આચાર્ય, ક્ષત્રચૂડામણિ, સર્ગ-૨, શ્લોક-૪૨)

* દરેક વસ્તુના પરિણામ બાહ્ય કારણની અપેક્ષા વિના થાય છે. ૪૫૫.

(શ્રી જયધવલા, પુસ્તક-૭, પૃષ્ઠ-૧૧૭)

* વિદ્વતાનું ઉત્કૃષ્ટ ફળ આત્મધ્યાનમાં રતિ-લીનતા જાણવું જોઈએ. બધાં જ શાસ્ત્રોનું શાસ્ત્રીપણું બુદ્ધિધનના ધારક મહાન વિદ્વાનો દ્વારા 'સંસાર' કહેવામાં આવ્યું છે. ૪૫૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા-૪૩)

* જ્યારે કોઈ સાધુમહાત્માપુરુષના હૃદયમાંથી મોક્ષની પણ ઇચ્છા નાશ પામે છે ત્યારે તેને મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે. આ સિદ્ધાંતવાકય ઉપર ધ્યાન આપીને આત્મહિતના ઇચ્છુક જીવોએ બધા પદાર્થોની ઇચ્છાનો ત્યાગ કરવો જોઈએ. ૪૫૭.

(શ્રીમદાચાર્ય અકલંકદેવ, સ્વરૂપસંબોધન, શ્લોક-૨૧)

કહાન સંવત-૧૬
વર્ષ-૫૧
અંક-૮
[ ૬૨૮ ]

વીર સંવત ૨૫૨૨
સં. ૨૦૫૨
FEB.
A. D. 1996




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૫ ]

કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધનું પ્રયોજન છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું ? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ, રાગને કરું એ વાત તો ક્યાં રહી ? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

જીવ પરનો કર્તા નથી અને પર તેનું કાર્ય નથી. જીવ અને અજીવમાં સમયે સમયે ક્રમબદ્ધ કાર્ય થાય છે. પોતે કર્તા થઈને એટલે કે કારણ બનીને પોતામાં કાર્ય કરે છે. બીજાને કારણ બનાવીને કાર્ય કરતો નથી. ક્રમબદ્ધપર્યાયમાં અનુકૂળ નિમિત્ત ભલે હોય પણ નિમિત્ત ઉપાદાનનું કાર્ય કરતું નથી. કર્તા અને કર્મ અથવા કારણ અને કાર્ય સ્વરૂપે ભિન્ન ભિન્ન છે, પણ અત્યારે તે વાત લેવી નથી. અહીં તો ક્રમબદ્ધ પર્યાયપણે પોતે ઊપજે છે, તે લેવું છે. અહીં પરથી ભિન્નતા બતાવવી છે. જીવ પોતે પોતાના પરિણામોથી ઊપજે છે, તેનું વર્ણન કરવું છે. નવું ઊપજે છે તે સ્વથી ઊપજે છે કે પરથી ઊપજે છે? સામાન્ય અને વિશેષ બેનું સ્વરૂપ જુદું ન હોય તો બે સિદ્ધ થતાં નથી. બે સાબિત થયા પછી સામાન્યને લીધે વિશેષ કહેવાય. કર્તા કર્તા સ્વરૂપે છે અને કર્મ કર્મ સ્વરૂપે છે. અત્રે એ બેની સ્વતંત્રતા સિદ્ધ કરવી નથી. કર્તા પોતે પોતાનું કાર્ય કરે છે તે સમયે નિમિત્તના કાળક્રમે નિમિત્ત ભલે હોય, પરનો કાર્યકાળ ભલે હોય, પણ પરનો કાર્યકાળ છે માટે જીવનો કાર્યકાળ આવ્યો છે—એમ નથી અને જીવનો કાર્યકાળ થવાનો છે માટે નિમિત્તના કાર્યકાળને આવવું પડે છે—એમ નથી. અહીં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે થઈને અખંડ વસ્તુ છે એમ કહેવું છે. પોતાના યોગ્યકાળ અનુસાર જીવ પોતાના પરિણામરૂપે ઊપજે છે. દ્રવ્ય પોતાના પરિણામથી તન્મય છે—એમ બતાવવું છે. બીજા દ્રવ્યનો અનુકૂળ કાર્યકાળ છે માટે ઊપજે છે—એમ નથી.

પરમાણુ આદિ ક્રમબદ્ધ પરિણામપણે ઊપજતું થકું અજીવ છે. તે વખતે જીવની ઇચ્છા આદિનું નિમિત્ત ભલે હો.

ભાષાની અવસ્થા ક્રમબદ્ધ થવાની હોય છે ત્યારે પરમાણુ તે રૂપે ઊપજે છે. જીવની ઇચ્છા છે માટે ભાષા થઈ છે, અથવા કેવળીના જોગનો કાર્યકાળ છે માટે ભાષાનો કાર્યકાળ છે—એમ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ભલે હો! અજીવ પોતાના કાળક્રમે ઊપજતો થકો અજીવ છે. તે વખતે અનુકૂળ નિમિત્ત ભલે હો, પણ નિમિત્તના કાર્યકાળને લીધે નૈમિત્તિકમાં કાર્યકાળ થાય છે—એમ નથી, અથવા નૈમિત્તિકમાં કાર્યકાળ થાય છે માટે નિમિત્તના કાર્યકાળને આવવું પડે છે—એમ પણ નથી. પાણીનો દરેક પરમાણુ પોતાની યોગ્યતા મુજબ પરિણમી રહ્યો છે. પાણીની કાળી અથવા લાલ અવસ્થા થવાનો કાળ છે, તે વખતે તેને રંગ ભલે નિમિત્ત હો, પણ નિમિત્તને લીધે નૈમિત્તિક કાર્ય થતું નથી. નિમિત્તે નૈમિત્તિકમાં ક્રમ ફેરવી નાખ્યો નથી. નિમિત્ત પોતાની અપેક્ષાએ ઉપાદાન છે, તેનું ક્ષણિક ઉપાદાન તે તે વખતે છે. અંતરમાં ભાવલિંગી મુનિદશા પ્રગટે છે ત્યારે બહારમાં નગ્નદશા દ્રવ્યલિંગ હોય છે. દ્રવ્યલિંગને લીધે ભાવલિંગ થયું—એમ નથી અને ભાવલિંગને લીધે દ્રવ્યલિંગ થયું એમ નથી,

બંને સ્વતંત્ર છે. પોતાના કાળક્રમે ભાવલિંગ થાય ત્યારે દ્રવ્યલિંગ નગ્નદશા ન હોય—એમ બને નહિ.

ઇષ્ટોપદેશમાં પણ કહ્યું છે કે દરેક પદાર્થની અવસ્થા તે તેની યોગ્યતા છે, તેમાં નિમિત્ત ધર્માસ્તિકાયવત્ જાણવાં. ધર્મ અને અધર્મ બન્ને દ્રવ્ય જગતમાં છે, પણ જો જીવ અને પુદ્‌ગલ ગતિ કરે તો જ ધર્મ દ્રવ્યને નિમિત્ત કહેવાય. તેવી રીતે બધાં નિમિત્તો જાણવાં. જીવ અને પુદ્‌ગલ પોતાના કાળક્રમે પરિણમે ત્યારે બીજા અનુકૂળ પદાર્થને નિમિત્ત કહેવાય. પૂજ્યપાદ સ્વામી કહે છે કે ઉપદેશ હિતકર અને વ્યાજબી કોને કહેવો? ક્ષણિક ઉપાદાનના કાળે જે નિમિત્ત હોય તેને ધર્માસ્તિકાય દ્રવ્યવત્ જાણવું તે જ ઇષ્ટોપદેશ છે. (જુઓ ઇષ્ટોપદેશ ગાથા-૩૫) જીવ અને જડ તેના કાળક્રમે પરિણમે ત્યારે જે અનુકૂળ ચીજ હોય તેને નિમિત્ત કહેવાય, એ જ ઇષ્ટ ઉપદેશ છે. અગ્નિ ન આવત તો પાણી ગરમ ન થાત—એમ કોઈ પરિણમન પરાધીન નથી. પાણીનો ગરમ થવાનો કાળ છે ત્યારે અગ્નિ નિમિત્ત હોય છે. અગ્નિ ન આવી હોત તો? સમાધાનઃ—તું ન હોત તો આ કોણ જાણત?—ભાઈ, નૈમિત્તિક કાળ પોતાના કારણે છે ત્યારે નિમિત્ત અનુકૂળ હોય છે. ઉપદેશ ઇષ્ટ તેને જ કહેવાય કે જડ અને જીવ પોતાના કારણે પરિણમે છે ત્યારે બીજી ચીજ નિમિત્ત કહેવાય. જેના ઉપર અનુકૂળતાનો આરોપ આવે તે ધર્મદ્રવ્ય છે, તો જીવ અને પુદ્‌ગલને ગતિ કરવી પડે કે ઇચ્છાના કારણે ભાષાને પરિણમવું પડે એમ છે જ નહિ. સમય સમયની પર્યાયની યોગ્યતા એ એક જ ખરેખર કારણ છે, ત્યારે બીજી ચીજને આરોપિત કારણ કહેવામાં આવે છે. જીવ અને અજીવ પોત પોતાના કાળક્રમે પરિણમે છે, એનો એ પદાર્થ પોતાની જૂની અવસ્થાનો વ્યય કરી, નવી અવસ્થા ધારણ કરે છે અને પોતે ધ્રુવ રહે છે.

હવે દાખલો આપે છે. સોનું પોતાના કંકણ પરિણામ સાથે તદ્રૂપ છે. હથોડી સાથે તે તદ્રૂપ નથી. પોતે પોતાથી ઊપજે છે. કાર્ય એક હોય ને તેના બે કર્તા હોય એમ હોઈ શકે નહિ. જેમ મોક્ષમાર્ગ એક જ છે, પણ તેનું કથન બે પ્રકારે છે. તેમ દરેક દ્રવ્યની પર્યાયનો કર્તા એક જ છે, બે કર્તા નથી. જીવ અને જડના પરિણામનો કર્તા તે તે દ્રવ્ય છે, બીજો કોઈ તેનો કર્તા નથી. બીજી અનુકૂળ ચીજને નિમિત્ત કર્તા કહેવાય છે, પણ તે ખરેખર કર્તા નથી. માત્ર તેના ઉપર કર્તાપણાનો આરોપ આવે છે. એમ કથન બે પ્રકારે છે. જીવ પોતાના પરિણામનો કર્તા છે અને ક્રમબદ્ધપર્યાય તેનું કર્મ છે.

एक परिणामके न कर्ता द्रव्य दोई,
दोई परिणाम एक द्रव्य न धरतु है।"

એક પરિણામના બે કર્તા નથી અને એક દ્રવ્યનાં બે કર્મ નથી. જીવ અને અજીવ પોતાના સ્વકાળે પરિણામરૂપે ઊપજે છે.

"કર્તા પરિણામી દ્રવ્ય, કર્મ રૂપ પરિણામ,
ક્રિયા પર્યાયકી ફેરણી, વસ્તુ એક ત્રય નામ."

અર્થ:—પરિણામી દ્રવ્ય કર્તા છે. કર્મરૂપ પરિણામ છે, ક્રિયા પર્યાયની ફેરણી છે, વસ્તુ એક તેનાં એ ત્રણ નામ છે. કર્તા, કર્મ અને ક્રિયા એક જ વસ્તુ છે. નિમિત્તને કર્તા કહેવાય છે, પણ તે વાસ્તવિક કર્તા નથી.

સોનું તે તે વખતના પરિણામ કડા આદિથી તદ્રૂપ છે, તેમ દરેક દ્રવ્ય પોતાની પર્યાય સાથે તદ્રૂપ છે. ઘટ, રથ, મકાન આદિ કાર્ય બને છે. તેમાં તે તે દ્રવ્ય તેની સાથે તાદાત્મ્ય સંબંધે છે, પણ બીજી ચીજ સાથે તેનું તાદાત્મ્ય નથી. ઘટના પરિણામ સાથે માટી તાદાત્મ્ય છે, મકાનના પરિણામ સાથે તેના સ્કંધનું તાદાત્મ્ય છે. નાસું-ઠાસું, દાળ-ભાત, એકેન્દ્રિય જીવ સિદ્ધ વગેરે પોત પોતાના પરિણામ સાથે તાદાત્મ્યરૂપે છે—એમ નિશ્ચય સિદ્ધ કરે તો નિમિત્તરૂપ વ્યવહારનું જ્ઞાન સાચું કહેવાય. અજ્ઞાની નિમિત્તને લીધે ઉપાદાનમાં કાર્ય માને છે, તે વસ્તુ સ્વરૂપને જાણતો નથી. કંકણનો કર્તા સોનું છે, તે એક જ કર્તા છે. સોની કે હથોડી તેનો કર્તા નથી. સોની કંકણનો અકર્તા છે, છતાં નિમિત્ત અપેક્ષાએ કર્તાનો આરોપ આવે છે. જીવ એક જ પોતાના પરિણામનો કર્તા છે, કર્મનો ઉદય જીવના પરિણામનો અકર્તા છે. જીવ પોતાના પરિણામનો કર્તા છે, તે નિશ્ચય છે. કર્મ જીવના પરિણામનો અકર્તા છે, છતાં તેને કર્તા કહેવો તે વ્યવહાર છે. સહચર છે તે અપેક્ષાએ વ્યવહારે કર્તા કહેલ છે, પણ ખરેખર તે કર્તા નથી.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એમ છ કારકનાં છ સ્વરૂપ છે. કર્તાને લીધે કર્મ નથી. અપાદાનને લીધે કર્મ નથી વગેરે પ્રકારે છ યે કારકો નિરપેક્ષ છે—એમ નક્કી કર્યા પછી અપેક્ષા લાગુ પડે છે. છ કારકો જીવના જીવમાં છે અને અજીવના અજીવમાં છે. જીવ જ્ઞાયક છે, પર્યાયરૂપે પરિણમતો પોતે જ્ઞાયક છે, પરનો કર્તા નહિ, પર તેનું કાર્ય નહિ—એમ નક્કી કરતાં પોતે જ્ઞાયક થાય છે. અલ્પ રાગ થાય છે, તેનો જાણનાર રહે છે.

સોની અને હથોડી કંકણ આદિનો અકર્તા છે, છતાં તેને કર્તા કહેવો તે વ્યવહાર છે. સોનું તેનો કર્તા છે માટે તેને કર્તા કહેવો તે નિશ્ચય છે. નિશ્ચયના જ્ઞાન વિના વ્યવહારનું જ્ઞાન કોણ કરશે? કુંડલ થવા વખતે કુંડલ જ થાય છે.

સોનીને લીધે તે થતું નથી. સોનું કર્તા થઈને કાર્યરૂપે પરિણમે છે. પોતે કર્તા છે. બીજો કર્તા કહેવો અથવા બીજાનું કાર્ય કહેવું તે ઉપચાર કથન છે. એક જ કર્તા છે, અને એક જ કાર્ય છે. જડ અને ચેતન પોત પોતાના ક્રમબદ્ધપર્યાયે ઊપજે છે. તે વખતે જોડે જે ચીજ છે તેનું જ્ઞાન કરવા માટે વ્યવહારનય પ્રયોજનવાન છે, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. ગાડા નીચે કૂતરું ચાલે છે. કૂતરાનું માથું પણ ગાડાને અડતું નથી. છતાં તે માને છે કે મારે લીધે ગાડું ચાલે છે. તેમ અજ્ઞાનીનું દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, છતાં તે માને છે કે મારે લીધે પરનાં કામ થાય છે તે અજ્ઞાન છે. એક જ સિદ્ધાંત છે કે દરેકનું કાર્ય પોત પોતાથી થાય છે.

એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ

અર્થ:—ત્રણે કાળે પરમાર્થનો પંથ એક જ હોય છે.

સર્વ દ્રવ્યોને પોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે. અનંતા આત્મા અનંતા પરમાણુ, એક ધર્મદ્રવ્ય, એક અધર્મદ્રવ્ય, એક આકાશ અને અસંખ્યાત કાળાણું પોત પોતાના પરિણામ સાથે તદ્રૂપ છે.

વર્તમાનમાં સાંભળવું છે અને વર્તમાનમાં નિર્ણય કરવો છે. વર્તમાન સમયના પરિણામ એક સમય પહેલાંના પરિણામ નથી અને વર્તમાન પરિણામ એક સમય પછીના પરિણામરૂપ નથી. જ્યારે જ્યારે વિચારો ત્યારે પૂર્વના એક સમયના પરિણામ વર્તમાન પરિણામ અને પછીના એક સમયના પરિણામ ક્રમબદ્ધ છે. આડા-અવળા થઈ શકતા નથી એમ ત્રણે સમયના પરિણામ ક્રમબદ્ધ છે—એમ ત્રણે કાળમાં ઉતારી લેવું. વર્તમાન પરિણામ એક સમય પહેલાં ન હતા અને એક સમય પછી રહેશે નહિ. આવી રીતે ત્રણે કાળના પરિણામ ક્રમબદ્ધ છે, તેને જાણ. દ્રવ્ય-ગુણ-પર્યાય, નિમિત્ત વગેરેને જાણ. ક્યાંય ફેરવવું ફેરવવું નથી. આ નક્કી કરે, તેની મુક્તિ થયા વિના રહે નહિ.

જગતના મોટા ભાગના પુદ્ગલ સ્કંધોને જીવનું નિમિત્ત પણ નથી. તેવા સ્કંધો પોતાના પરિણામ સાથે તાદાત્મ્યરૂપે છે. અહીં તો સ્થૂલ સ્કંધરૂપ સોનાનો દાખલો આપેલ છે. ઘણા સૂક્ષ્મ સ્કંધો છે, તેઓ ભેગા થાય છે અને છૂટાં થાય છે, તેમાં કાળ એક જ નિમિત્ત છે. જીવનું નિમિત્ત પણ નથી. છતાં જુદા જુદા પરિણામ દેખાય છે. કંકણના દાખલા પ્રમાણે બધા દાખલા સમજી લેવા. દ્રવ્ય જે પરિણામે ઊપજ્યું તે તેનું રૂપ છે, નિમિત્ત આવીને તેનું કાર્ય કરી આપે તો તે દ્રવ્ય ન રહ્યું. બેસતાં વરસને દિવસે હુતાસણીના દિવસોની જેમ મોઢું રંગ આદિથી બગાડે તો તે શોભે નહિ, તેમ અનંત દ્રવ્યો પોત પોતાના દિ એટલે સ્વકાળે

પરિણમે છે. પોતાથી પરિણામ કરી પોતે શોભી રહ્યાં છે. ત્યાં કોઈ કહે કે નિમિત્તે આવીને તેનું કામ કર્યું તો તે દિવાળી ન થઈ પણ હોળી થઈ, કદરૂપતા આવી. નિગોદથી સિદ્ધ સુધીના જીવો અને એક પરમાણુથી સ્કંધો સુધીના પુદ્ગલો પોત પોતાના પરિણામથી અભેદ છે. બીજી ચીજ નિમિત્ત અથવા વ્યવહારે કર્તા ભલે કહેવાય પણ દરેક દ્રવ્ય પોતા સાથે અભેદ છે. પોતાના સ્વકાળે ક્રમબદ્ધપર્યાયરૂપ ધારણ કરે તે પોતાની પ્રભુતા છે. અગ્નિ આવે તો કપડું બળે, મોટરમાં તાકાત છે પણ પેટ્રોલ આવે તો ચાલે—એમ અજ્ઞાની માને છે. તેનું જ્ઞાન વિપરીત થઈ રહ્યું છે. દરેક પર્યાયની તદ્રૂપતા તેના દ્રવ્ય સાથે છે, પણ અજ્ઞાની વિપરીત માને છે. જીવ જડનો કર્તા નથી. એક જીવ બીજા જીવનો કે અજીવનો કર્તા નથી—આ વાત બરાબર સમજાય તો છ દ્રવ્યની ચાવી હાથ આવી જાય ને તે બધે લાગુ પડે.

પૂજ્યપાદ સ્વામીએ ઇષ્ટોપદેશ બનાવેલ છે. તેમાં કહે છે કે તું તારો ગુરુ છો એટલે પુરુષાર્થથી સમજણની પર્યાયરૂપી શિષ્યનો ગુરુ તારો આત્મા છે, ત્યારે અન્ય ગુરુને નિમિત્ત કહેવાય છે, તેમ દરેક પદાર્થ ક્ષણિક ઉપાદાનથી પોતાના કારણે ઊપજે છે, ત્યારે અન્ય અનુકૂળ પદાર્થ નિમિત્ત રૂપે હોય છે.

"ઉપાદાન નિજ ગુણ જહાં, તહાં નિમિત્ત પર હોય,
ભેદજ્ઞાન પરમાણ વિધિ વિરલા બૂઝે કોઈ—"

(શ્રી બનારસીદાસજી કૃત ઉપાદાન-નિમિત્તના દોહા) ઉપાદાન અને નિમિત્તની પૃથક્તા રહેલી છે—એવું ભેદજ્ઞાન વિરલા કરે છે. અજ્ઞાની નિમિત્ત તથા ઉપાદાન બેને એક કરી નાખે છે. શાસ્ત્રે તો બન્નેની સ્વતંત્રતા બતાવી છે. અજ્ઞાની ઊંધી દૃષ્ટિથી ઊંધુ માને છે.

હવે ત્રીજી વાત કરે છે: આમ જીવ પોતાના પરિણામોનો કર્તા થઈ કાર્યરૂપે પરિણમે છે. લોકમાં કહેવત છે કે 'એકનો ગોવાળ તે બેનો ગોવાળ'—જેમ ગોવાળિયો એક ગાયને ચારે તે બે ગાયને ચારે અથવા સંભાળ રાખે તેમ દ્રવ્ય પોતે પોતાના પરિણામનો કર્તા થઈને કાર્ય કરે અને પોતાનું નવું નવું કાર્ય કરે ને બીજાનું કાર્ય કરે તો શો વાંધો? વળી અજ્ઞાની કહે છે કે જેમ પોતે પોતાનું કારણ છે, પર્યાય કાર્ય છે, તેમ જીવને અને અજીવને પોત પોતામાં કાર્યકારણ ભાવ છે—એમ માનવામાં શો વાંધો? જેમ જીવ નવો નવો રાગ કરે છે, તેમ કર્મને પણ કરે તો શો વાંધો? જીવ કામ કર્યા વિના નવરો તો રહેતો નથી તો બીજાનું પણ કામ કરે તો શો વાંધો? પોતાનું કાર્ય કરે તે વખતે અજીવનું કરે તો શો વાંધો? સમાધાન—ભાઈ, જીવના

પોતાના પરિણામ કાર્ય છે, તેનો કર્તા જીવ છે, પણ અજીવનું કાર્ય જીવ કર્તા થઈને કરે તેમ બને નહિ. અજીવ સાથે જીવનો કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી. કોઈ દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામોનો કદી કર્તા હોઈ શકતો નથી. અજીવે પોતાનો કર્તા થઈને પોતાનું કાર્ય કર્યું—એમ બન્નેની સ્વતંત્રતા કબૂલ કરે તો નિમિત્તને, વ્યવહારે કર્તા-કર્મનો સંબંધ કહેવાય છે. વ્યવહારગ્રંથોમાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે, પણ નિમિત્ત ઉપાદાનનું કાર્ય કરી દે—એમ છે જ નહિ. જીવ રાગના પરિણામ કરે અને કર્મના પરિણામ પણ કરે એમ બને નહિ. જીવ જોગના પરિણામ કરે અને કર્મને ખેંચતો જાય એમ બને નહિ. પર સાથે કારણકાર્યસંબંધ નથી. કારણકાર્યસંબંધ જીવને જીવ સાથે છે એમ નક્કી કરે તો પરદ્રવ્ય સાથે કારણ-કાર્યનો ઉપચાર સંબંધ કહેવાય છે. (ક્રમશઃ) ❋

## □ આહાહા! ચૈતન્યસ્વભાવ તો જુઓ!! □

❋ આહાહા! ચૈતન્ય બાદશાહનો સ્વભાવ તો જુઓ! કેવો અગમ્ય છે! કેવળજ્ઞાનની પર્યાય હોય કે મિથ્યાત્વની પર્યાય હોય કે સમ્યગ્દર્શનની પર્યાય હોય પણ જ્ઞાયકભાવ એકપણું છોડતો નથી, જ્ઞાયકભાવ તો જ્ઞાયકરૂપ જ રહ્યો છે. નિગોદની પર્યાય અક્ષરના અનંતમાં ભાગે રહી ગઈ છે ને કેવળજ્ઞાનની પર્યાય અનંત અવિભાગ-પ્રતિચ્છેદ સહિત પૂરણ પ્રગટ થઈ છતાં જ્ઞાયક-ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. સ્વર્ગ, નરક, નિગોદ આદિ અનેક પર્યાયમાં રહ્યો છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી. નવતત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપે દેખાય, અનેક સ્વાંગો ધારણ કરે છતાં ચૈતન્યજ્યોતિ એકપણું છોડતી નથી, આર્ત્ત-રૌદ્રધ્યાનના અનેકરૂપ વિચિત્ર શુભાશુભ ભાવના બંધનમાં આવવા છતાં ચૈતન્યજ્યોતિ એકપણું કદી છોડતી નથી. આહાહા! જ્ઞાનજ્યોતિ નવતત્ત્વની સંતતિમાં આવવા છતાં, અનેક સ્વાંગો ધારવા છતાં, પોતાનું એકપણું છોડતી નથી. અહો! જેનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં જેના કાળનો અંત નથી, જેના ગુણોનો અંત નથી—એવી અનંત સ્વભાવી ચૈતન્યજ્યોતિ સદાય એકરૂપ ચૈતન્ય-સ્વરૂપે જ રહી છે. આત્મવસ્તુ જ ગંભીરસ્વભાવી છે, એની ગંભીરતા ભાસે નહિ ત્યાં સુધી ખરો મહિમા આવે નહીં, એની ગંભીરતા ભાસતાં આત્માનો એવો મહિમા આવે કે એ મહિમા આવતાં આવતાં એ મહિમા વિકલ્પને ઓળંગી જાય છે, વિકલ્પને તોડવો પડતો નથી પણ તૂટી જાય છે ને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. —પૂજ્ય ગુરુદેવ

# હે જીવ ! ભર્યાં ભાણાં છોડી એંઠ ન ચાટ !

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૪૨)

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે. કર્તા, કર્મ ક્રિયાદ્વારના ૧૨મા કળશ ઉપરના પદ્યમાં કહે છે કે ભેદજ્ઞાનનું રહસ્ય મિથ્યાદ્રષ્ટિ જાણતો નથી. તે વાત સમજવા માટે દ્રષ્ટાંત આપે છે.

जैसैं गजराज नाज घासके गरास करि,
भच्छत सुभाय नहि भिन्न रस लीयौ है ।
जैसैं मतवारौ नहि जानै सिखरनि स्वाद,
जुंगमें मगन कहै गऊ दूध पीयौ है ॥
तैसैं मिथ्यादृष्टि जीव ज्ञानरूपी है सदीव,
पग्यौ पाप पुन्नसौं सहज सुन्न हीयौ है ।
चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि,
एकमेक मानै न विवेक कछु कीयौ है ॥ १३ ॥

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, સત્‌ચિદાનંદપ્રભુ જ્ઞાન ને આનંદનો સમુદ્ર છે, શાશ્વત છે અને પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે તે તો દુઃખરૂપ છે—રાગ છે—વિકાર છે. પણ અજ્ઞાની આત્મા અને રાગના ભેદને અનાદિથી જાણતો જ નથી. તે તો બંનેને એક સમજે છે.

જેમ હાથીને રાજાલોકો ચૂરમું ખાવા આપે છે તો એ તો ઘાસની અંદર નાંખીને ઘાસની સાથે તેનો કોળિયો કરી જાય છે, તેને કાંઈ ઘાસ અને ચૂરમાની ભિન્નતાની ખબર નથી. તેથી તેને ઘાસ અને ચૂરમાનો ભિન્ન સ્વાદ ખ્યાલમાં આવતો નથી. તેમ જ દારૂ પીને મત્ત બનેલાને શીખંડ ખવરાવવામાં આવે, તો તે નશામાં તેનો સ્વાદ જાણતો નથી. નશાના જોરમાં મગ્ન બનેલાને શીખંડનો ખાટો મીઠો સ્વાદ ખ્યાલમાં આવતો નથી તેને તો ગાયનું દૂધ પીઉં છું એમ લાગે છે.

આ તો બે દ્રષ્ટાંત કહ્યાં, એ રીતે મિથ્યાદ્રષ્ટિજીવ ચૂરમા સમાન સદાય જ્ઞાનમૂર્તિ પોતાનો આત્મા અને ઘાસ સમાન પુણ્ય-પાપના વિકલ્પને ભિન્ન જાણતો નહિ હોવાથી

પુણ્ય-પાપમાં જ લીન હોવાના કારણે તેનું હૃદય આત્મજ્ઞાનથી શૂન્ય રહે છે, તેથી ચેતન-અચેતન બંનેના મળેલા પિંડને જોઈને એક જ માને છે.

આત્મા તો જ્ઞાનમૂર્તિ આનંદમય ચૈતન્યમૂર્તિ છે અને પુણ્ય-પાપ તો દુઃખરૂપ છે, આકુળતામય છે, ઝેર છે. આત્મા તો ત્રિકાળ જ્ઞાનઘન છે પણ આત્માના સ્વરૂપને અજ્ઞાનીએ જાણ્યું નથી અને અનાદિથી પુણ્ય-પાપના ભાવને જ પોતાનું સ્વરૂપ માન્યું છે. તેથી તેમાં જ અજ્ઞાની લીન રહે છે. જેમ દારૂ પીધેલો માણસ નશામાં લીન છે તેમ આ પુણ્ય-પાપમાં લીન છે. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, કુશીલ આદિ પાપ પરિણામ અને અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય આદિ પુણ્ય-પરિણામને પોતાનું સ્વરૂપ માનીને સેવે છે. ભલે તે સાધુ થયો હોય, બાહ્યથી ત્યાગી હોય પણ આ શુભરાગ તે આત્માનો સ્વભાવ નથી, રાગ છે, ઝેર છે એમ તે માનતો નથી. તેની દૃષ્ટિ પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ ઉપર તો ગઈ નથી અને પુણ્ય-પાપ-પરિણામમાં જ લીન છે તે ખરેખર અજીવમાં લીન છે, જીવમાં લીન નથી.

परयौ पाप पुन्नसौं सहज सुन्न हीयौ है । અવ્રતના ભાવ પાપવિકાર છે અને વ્રતના ભાવ પુણ્યવિકાર છે. અજ્ઞાની તે બંને વિકારમાં જ લીન છે. જ્ઞાન ને આનંદસ્વરૂપ જીવની તો તેને ખબર નથી. તેથી તેનું હૃદય આત્મજ્ઞાનથી શૂન્ય છે. જ્ઞાનના આનંદની તેને ખબર જ નથી. પુણ્ય-પાપથી જ મારું જીવન છે, પુણ્ય-પાપની ક્રિયા એ જ મારી ક્રિયા છે અને પુણ્ય-પાપનો સ્વાદ એ જ મારો સ્વાદ છે—એમ તે માને છે.

આત્મા અનાદિ અનંત સહજ જ્ઞાનાનંદની મૂર્તિ છે, તેનું જેને ભાન નથી અને વિપરીત દૃષ્ટિ છે તેને જેમ દારૂડિયાને દારૂના નશામાં શીખંડનો સ્વાદ આવતો નથી તેને તો હું દૂધ પીઉં છું એમ લાગે છે, તેમ આ અનાદિ અજ્ઞાની ભલે તે ત્યાગી હોય કે ભોગી હોય પણ તે હું અનાદિ અનંત સત્ચિદાનંદમૂર્તિ છું એવા આનંદનો સ્વાદ લેતો નથી પણ હું પુણ્ય-પાપરૂપ છું એવી મિથ્યાદૃષ્ટિનો સ્વાદ લે છે. તેનું હૃદય પોતાના સ્વભાવથી શૂન્ય છે. માટે તે ખરેખર મડદું છે. શુભાશુભભાવ—ક્રિયાનો ભાવ તે તો વિકારી વૃત્તિ છે—રાગ છે તેનો સ્વાદ એ કાંઈ આત્માનો સ્વાદ નથી. આ રાગની ક્રિયાનો કર્તા અને ભોક્તા થાય છે તે પોતાના આનંદના સ્વાદથી શૂન્ય છે. તેની દૃષ્ટિ મિથ્યા છે અને તેનું જ્ઞાન પણ અજ્ઞાન છે. 'આ જ્ઞાન છે અને આ રાગ છે' એમ બંનેના સ્વાદને તે જુદાં પાડી શકતો નથી.

લોકોને આવા સ્વરૂપની ખબર નથી અને માને છે કે અમે અમારા કલ્યાણ માટે વ્રત કરીએ છીએ, તપ કરીએ છીએ, મહિના-મહિનાના ઉપવાસ કરીએ છીએ...

પણ ભાઈ! તને તારા સ્વરૂપની તો ખબર નથી. પોતાના સ્વભાવનો અનાદર કરીને રાગની ક્રિયાનો આદર કરે છે તે દારૂડિયો શીખંડના સ્વાદને દૂધનો સ્વાદ માનીને પીએ છે તેના જેવું છે. આત્મા તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત છે તેને ખોરાકના સ્વાદનો કે શરીરના સ્પર્શાદિનો અનુભવ થતો નથી. કેમ કે એ તો બધાં જડ છે અને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની તો અજ્ઞાનીને ખબર નથી એટલે તેનો સ્વાદ પણ આવતો નથી. તેને તો શુભાશુભ રાગમાં પોતાપણું છે તેથી એ ક્રિયા મારી છે અને હું તેનો કરવાવાળો છું એવા મિથ્યાત્વને તે વેદે છે.

અજ્ઞાનીને પોતાના જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવનું ભાન નહિ હોવાથી તેની દૃષ્ટિ પુણ્ય-પાપમાં લાગી ગઈ છે. પુણ્ય-પાપના ફળમાં સંયોગ મળે છે તે તો દૂર રહી ગયો પણ પુણ્ય-પાપભાવમાં એકતા પડી છે તે અધર્મ છે. આત્મા જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન છે એવા જ્ઞાન અને આનંદનું તો તેને ભાન નથી તેથી તેને ધર્મ નથી.

જુઓ! આ જીવ અને અજીવની વહેંચણી ચાલે છે. જીવ તો જ્ઞાતા-દ્રષ્ટાસ્વભાવી છે. તે કાંઈ શરીર કે રાગાદિની ક્રિયાનો કર્તા નથી. એ તો ચૈતન્ય-આંખ છે. જગત દૃશ્ય છે અને હું દ્રષ્ટા છું, જગત જ્ઞેય છે અને હું જ્ઞાતા છું—એમ નહિ માનતાં અજ્ઞાની જગત અર્થાત્ પુણ્ય-પાપ વિકલ્પથી માંડીને બધી ચીજ મારી છે અને હું તેનો કર્તા છું, દયાની ક્રિયા હું કરું છું, દાનની ક્રિયા હું કરું છું, તપસ્યા હું કરું છું, એમ શુભ-અશુભ ક્રિયા અને વિકલ્પોનો કર્તા હું છું એમ માને છે. આ કર્તા-કર્મ-ક્રિયા-દ્વાર છે ને! એટલે અજ્ઞાની ક્યાં ભૂલ કરે છે તે બતાવ્યું છે. વિકલ્પ તો રાગની ક્રિયા છે, આત્માની ક્રિયા નથી. આત્માની ક્રિયા તેનાથી ભિન્ન છે પણ અજ્ઞાની ભેદજ્ઞાનના મર્મને જાણતો નથી.

ગજરાજ અને મતવાલાની જેમ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને વસ્તુના સ્વરૂપનું ભાન નથી. પર્યાય ઉપર તેની દૃષ્ટિ પડેલી છે. પુણ્ય-પાપની ક્રિયા મારી છે અને હું તેનો કર્તા છું એમ માનતો તે ચૈતન્યના સ્વાદથી શૂન્ય છે. વિભાવના સ્વાદમાં એવો લીન છે કે સ્વભાવના સ્વાદની તેને ખબર જ નથી. માટે એને જીવતત્ત્વની જ ખબર નથી.

**चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि,** ચેતન તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે અને પુણ્ય-પાપના વિકલ્પ અચેતન છે. આત્માનો સ્વભાવ નથી. લોકોને આ એકાંત જેવું લાગે છે પણ એકાંત કોને કહેવાય તે જ ખબર નથી. આત્મા એક અતીન્દ્રિય આનંદના સ્વભાવવાળો જ છે. પુણ્ય-પાપ એ તેનો સ્વભાવ નથી છતાં પુણ્ય-પાપને મારા માનીને તેની ક્રિયામાં લીન રહે છે તે અનેકાંત માનવાવાળા નથી

પણ મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપભાવમાં આનંદ તો નથી, એકલું દુઃખ છે અને અચેતન છે, તેમાં જ્ઞાન નથી.

દોઢ દોઢ મહિનાના ઉપધાન કરે કે માસખમણ કરે પણ તે કોઈ આત્માની ક્રિયા નથી. સોવાર ઉઠ-બેસ કરીને ભગવાનના ખમાસણાં લે તે પણ જડની ક્રિયા છે અને સાથે રાગની મંદતા છે તે પુણ્યબંધનું કારણ છે, તેને જ અજ્ઞાની ધર્મની ક્રિયા માને છે અને રાગ અને આત્માના ભેદજ્ઞાનના મર્મને તો અજ્ઞાની જાણતો નથી. જેમ હાથી ચૂરમાના સ્વાદને જાણતો નથી, જેમ દારૂ પીધેલ માણસ શીખંડના સ્વાદને જાણતો નથી તેમ અજ્ઞાની આત્માના અતીન્દ્રિય સ્વાદને જાણતો નથી.

અજ્ઞાનીએ કદી સ્વસન્મુખ થઈને સ્વભાવને જોયો નથી અને પર સન્મુખ જ તેની દૃષ્ટિ છે તેથી દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિના વિકલ્પ ઉઠે છે તેને જ પોતાના માને છે. એ મારી ફરજ છે એમ માનીને સેવે છે. એને એમ થાય કે શ્રાવકને પણ છ આવશ્યક કહ્યાં છે ને! ભાઈ! એ છ તો વિકલ્પ છે. મૂળ આવશ્યક તો રાગથી ભિન્ન પોતાના સ્વભાવની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી તે નિશ્ચય આવશ્યક છે.

નિયમસારમાં પણ કહ્યું છે કે પુણ્ય-પાપથી ભિન્ન પોતાના શુદ્ધ, બુદ્ધ ચૈતન્યઘનની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી તે નિયમથી કર્તવ્ય છે. આત્માનું જ્ઞાન થયા પછી છ આવશ્યકની ક્રિયાનો વિકલ્પ આવે છે તેનું તો માત્ર જ્ઞાન કરાવ્યું છે. એમ પણ કહ્યું છે કે શુભભાવને વશ થાય છે તે અનાવશ્યક છે.

અહો! આવું કોણ માની શકે? રાગ, પુણ્ય, પાપ, દયા, દાનના વિકલ્પને દુઃખરૂપ કોણ માની શકે?—કે જેને અંતરમાં પોતાના અતીન્દ્રિય આનંદનું વેદન થયું હોય, આનંદસ્વરૂપ ચૈતન્યનું ભાન થયું હોય તે પોતાના આનંદ સાથે આ રાગને મિલાવે છે તો ખ્યાલ આવે છે કે રાગ તો આત્માની જાત નથી, રાગ તો દુઃખરૂપ છે એમ ભાસે છે. પછી જેમ જેમ આનંદની ઉગ્રતા થતી જાય છે તેમ તેમ રાગ છૂટતો જાય છે. ચારિત્રદશામાં અંતરની ઉગ્રતા વધી જાય છે અને વસ્ત્ર, પાત્ર રાખવાનો વિકલ્પ પણ આવતો નથી. એવી વસ્તુની મર્યાદા છે. વસ્ત્ર, પાત્ર રાખે અને મુનિપણું મનાવે તો એ મિથ્યા છે.

ન્યાય સમજ્યા વિના અનેકાંત...અનેકાંત કરવાથી અનેકાંત સત્ય થઈ જતું નથી. માતાને માતા પણ કહેવાય અને સ્ત્રી (પત્ની) પણ કહેવાય એવું અનેકાંત ન હોય. પણ...આ મારગ એવો છે કે સાધારણ પ્રાણીને સમજવો કઠણ પડે છે.

चेतन अचेतन दुहूंकौ मिश्र पिंड लखि,
एकमेक मानै न बिवेक कछु कियौ है ॥

ભગવાન આત્મા ચેતનસ્વરૂપ છે અને રાગ અચેતન અને દુઃખરૂપ છે પણ અજ્ઞાનીને તેની ભિન્નતાનું લેશમાત્ર ભાન નથી એટલે પુણ્ય–પાપના ભાવને જ પોતાનું સ્વરૂપ માનીને તેનો સ્વાદ લે છે અને ચૈતન્યને તો ભૂલી ગયો છે. માટે અહીં કહ્યું છે કે વ્રતાદિ પાળે છે પણ ચૈતન્યનું તો જેને વિસ્મરણ થઈ ગયું છે તે જડ છે, તેને ચેતન અને અચેતનની ભિન્નતાની ખબર નથી.

દિગંબર કે શ્વેતાંબર કે કોઈપણ મતના શાસ્ત્રને એક બાજુ મૂકીને ન્યાયથી વિચારે તોપણ સમજાય એવી વાત છે કે જે આત્માથી જુદો પડી જાય છે તે આત્માનો કેમ હોય? રાગ આત્માની સાથે કાયમ રહેતો નથી, જુદો પડી જાય છે માટે તે આત્મા નથી. વીતરાગતા આત્મામાંથી નીકળી જતી નથી, રાગ તો નીકળી જાય છે અને રાગ છે ત્યારે પણ રાગ જીવને દુઃખનું કારણ છે. પણ તે દુઃખનું ભાન કોને થાય? કે જેને આત્માના આનંદનો અનુભવ થયો તે રાગની સાથે મિલાન કરે તો રાગ દુઃખરૂપ લાગે છે. અજ્ઞાનીને તો આત્માનું ભાન નથી એટલે રાગ અને આત્માને એક જ માને છે.

ભાવાર્થ:—મિથ્યાદષ્ટિ જીવ સ્વપર વિવેકના અભાવમાં પુદ્‌ગલના મેળાપથી જીવને કર્મનો કર્તા માને છે. મિથ્યા નામ જૂઠી પાખંડ દષ્ટિવાળા જીવો—સત્યદષ્ટિનું ખૂન કરવાવાળા જીવો સ્વ-પરના વિવેકના અભાવમાં એટલે કે હું જ્ઞાનાનંદસ્વરૂપ પ્રજ્ઞાબ્રહ્મ છું અને રાગાદિ દુઃખરૂપ વિકલ્પ છે એ બંનેની જુદાઈના—વિવેકના અભાવમાં રાગાદિના મિલાપથી જીવને કર્મનો કર્તા માને છે. રાગની ક્રિયા મારી છે અને કર્મનો કર્તા પણ હું છું એમ અજ્ઞાની માને છે.

આ ૧૩મું પદ્ય થયું. હવે ૧૩ કળશનું પદ્ય લઈએ. તેમાં જીવને કર્મનો કર્તા માનવો તે મિથ્યાત્વ છે એના ઉપર દૃષ્ટાંત કહે છે. જ્ઞાનસ્વરૂપ આત્માનું તો ભાન નથી અને બળાત્કારે રાગાદિનો કર્તા થાય છે તે મૂઢ છે. જે પોતાનું નથી તેને પોતાના માનવામાં ઊલટું જોર કામ કરે છે.

जैसैं महा धूपकी तपतिमैं तिसायौ मृग,
भरमसौं मिथ्याजल पीवनकौं धायौ है।
जैसैं अंधकार मांहि जेवरी निरखि नर,
भरमसौं डरपि सरप मानि आयौ है ॥

अपने सुभाव जैसें सागर सुथिर सदा,
पवन संजोगसौं उछरि अकुलायो है ।
तैसें जीव जडसौं अव्यापक सहजरूप,
भरमसौं करमकौ करता कहायौ है ॥ १४ ॥

જેવી રીતે અત્યંત આકરા તડકામાં તરસથી પીડાયેલું હરણ ભૂલથી મૃગજળ પીવાને દોડે છે અથવા જેમ કોઈ મનુષ્ય અંધારામાં દોરડું જોઈને તેને સર્પ જાણી ભયભીત થઈને ભાગે છે અને જેવી રીતે સમુદ્ર પોતાના સ્વભાવથી સદૈવ સ્થિર છે તોપણ પવનની લહેરોથી લહેરાય છે તેવી જ રીતે જીવ સ્વભાવથી જડ પદાર્થોથી ભિન્ન છે, પરંતુ મિથ્યાત્વી જીવ ભૂલથી પોતાને કર્મનો કર્તા માને છે.

જ્ઞાનસ્વરૂપ આત્માનું તો ભાન નથી અને પરાણે વિકલ્પનો કર્તા થવા જાય છે તે મૂઢ છે. તેને માટે દૃષ્ટાંત આપ્યું છે કે જેમ, તરસ્યું હરણ ખારી જમીનમાં સૂર્યના કિરણો પડે છે ત્યાં પાણી છે એમ માનીને પાણી પીવા દોડે છે પણ ત્યાં પાણી નથી. તેમ અજ્ઞાની પોતાના સ્વભાવથી અજાણ છે તેથી ભ્રમથી કર્મનો કર્તા થાય છે.

જેમ, અંધકારમાં દોરડી પડી હોય તે સર્પ જેવી લાગતાં ભયથી માણસ ભાગે છે અને જેવી રીતે સમુદ્ર પોતાના સ્વભાવથી તો સ્થિર છે તોપણ પવનના સંગે ઊછળે છે તેમ જીવ સ્વભાવથી તો કર્મનો કર્તા નથી છતા અજ્ઞાની કર્તા થાય છે. આવી અજ્ઞાનીની દશા છે તેમાંથી તેને સ્વાભાવિક દશામાં જવામાં કેટલી ધીરજ જોઈએ!

પુણ્ય–પાપ તો આત્માથી ભિન્ન છે છતાં અજ્ઞાની તેને જ પોતાનું સ્વરૂપ માનીને પીવે છે અને પોતાના આનંદને પીવાનું છોડી દે છે. રાગને પોતાનો માનીને સેવે છે તેવા જીવો માટે કહે છે કે જેને હિંસા, જૂઠ, ચોરી, કુશીલ આદિ પાપભાવની મીઠાશ છે તે જીવો મૂઢ છે. તેને જીવની શ્રદ્ધા નથી, તેને દુઃખની રુચિ છે, તેને આત્માના આનંદની રુચિ નથી. અહિંસા, સત્ય, શીલ આદિ શુભરાગની રુચિ છે તેને પણ આત્માનો આનંદ આવતો નથી. ભગવાનની ભક્તિ આદિ શુભરાગ આવે છે એ જુદી વાત છે પણ તેની રુચિ છે તેને આત્માના આનંદની ખબર નથી. શુભરાગમાં જ લીન હોવાથી તે પોતાના સ્વરૂપને જાણતો નથી. શુભરાગ આવે તેની ના નથી પણ તેમાં લીન થઈ જાય છે તે અજ્ઞાની મૂઢ છે.

કોઈ એમ માનતો હોય કે રાગથી પણ ધર્મ થાય અને આત્માથી પણ ધર્મ થાય એવું અનેકાંત છે. તો એની માન્યતા જૂઠી છે. ધર્મ આત્માથી થાય અને રાગથી ન થાય એ અનેકાંત છે. આ શાંતિથી સમજવા જેવી વાત છે. વાદ–વિવાદ કરવાથી

વાત સમજાય તેમ નથી. આત્માના અતીન્દ્રિય આનંદને છોડીને દયા, દાન, વ્રત, ભક્તિ કે અશુભરાગમાં આનંદ લેવા જાય છે તે મૃગજળમાં તૃષા છીપાવવા જતાં હરણિયા જેવા છે. વર્ષીતપ કરવાથી ધર્મ થશે એમ માનીને વર્ષીતપ કરે છે તે અજ્ઞાની છે. તેમાં તેને મંદકષાય રહ્યો હોય તો પુણ્ય બંધાય છે અને જો કોઈ સંયોગની કે કીર્તિની આશાથી કરતો હોય તો તો પુણ્ય પણ બંધાતું નથી. પાપ બંધાય છે. ધર્મ તો થતો જ નથી. પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન આનંદસ્વરૂપ આત્માની દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે ધર્મ છે. પણ આ વાતની ખબર વિનાના અજ્ઞાની રાગની ક્રિયામાં ધર્મ માનીને છેતરાય જાય છે—આત્માને ખોઈ બેસે છે.

જેમ પીપરના ઝાડમાં લાખ થાય છે તે પીપરને ખલાસ કરી નાંખે છે તેમ, પુણ્ય-પાપનો પ્રેમ છે તે આત્માની શાંતિનો નાશ કરી નાંખે છે. અમે એક જગ્યાએ આવી રીતે લાખથી પીપરના ઝાડ નાશ પામેલાં જોયાં હતાં. એવો જ પીપરનો દાખલો કુંદકુંદ આચાર્યે ૭૨મી ગાથામાં સમયસારમાં આપ્યો છે.

પોતાની વસ્તુની મહિમા ન આવે અને બહારમાં મહિમા આવે છે તેને પોતાનો આત્મા હાથથી ગયો...શૂન્ય થઈ ગયો. ભર્યા ભાણે એને ખાતા ન આવડયું અને એંઠા ચાટવા ગયો. ઘરે પદ્મણી જેવી સ્ત્રી હોવા છતાં જે વાઘરણ કે બાવણના ઘરે જાય તેને પિતા સમજાવે છે કે ભાઈ! તું ભર્યા ભાણે એંઠા ચાટવા જાય એ શોભતું નથી...તેમ, આ ભગવાન ધર્મપિતા સમજાવે છે કે ભાઈ! તું આનંદના નાથને છોડીને પુણ્ય-પાપના સ્વાદ લેવા જાય છે તે મૂઢ જેવી દશા છે. તારું સ્વરૂપ અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે તેમાં આનંદ નહિ માનતાં, પુણ્ય-પાપમાં આનંદ લેવા જાય છે તે વ્યભિચાર છે, તે તને શોભતું નથી ભાઈ!

આત્માના ભાન વિના મહાવ્રતાદિ પાળીને ધર્મ માને છે તે વર્તમાનમાં પણ દુઃખી છે અને પછી પણ દુઃખ પામશે. ભાઈ! તને તારી દયા નથી આવતી? તને આ આકરૂં લાગે પણ, તારા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાનને છોડીને રાગના પ્રેમમાં પડયો છો તેથી સંતોને તારી દયા આવે છે.

આનંદઘનજી લખે છે—દોડત દોડત દોડિયો, જેતી મનની દોડ, પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો જોડ...

જેમ જેમ બહુશ્રુત, બહુજન સંમત, બહુ શિષ્યે પરિવરિયો,

તેમ તેમ જૈનશાસનનો વૈરી, જો નવિ નિશ્ચય દરિયો રે જિનજી...

જેને ઘણું શાસ્ત્રજ્ઞાન છે, ઘણાં જીવો જેને માને છે, ઘણાં શિષ્યો છે પણ રાગથી

ભિન્ન આત્માનું જ્ઞાન નથી તે જૈનશાસનનો વૈરી છે. કારણ કે જૈનશાસન તો વીતરાગ ભાવ છે. તે વીતરાગભાવ તો આત્માના આશ્રયે પ્રગટ થાય છે તેની ખબર નથી અને રાગની ક્રિયાથી ધર્મ માને છે અને એવી જ પ્રરૂપણા લાખો જીવોની સામે કરે છે, લાખો શિષ્યો રાખે છે તે રાગી, વીતરાગશાસનનો વૈરી છે.

રાગની ક્રિયાથી તો આત્મા ભિન્ન તત્ત્વ છે. રાગની અપેક્ષાએ આત્મા નિષ્ક્રિય છે, રાગનો કર્તા નથી, શુદ્ધપરિણતિનો કર્તા છે. રાગ તો આત્માથી ભિન્ન આસ્રવ તત્ત્વ છે, કર્મ અને શરીર અજીવતત્ત્વ છે, તેનો કર્તા થવા જાય છે તે મૂઢ છે. અંધકારમાં જેમ દોરી વળ ખાઈને પડી હોય તે સર્પ જેવી લાગે છે તેથી તેનો ડર લાગે છે તેમ, પુણ્ય-પાપમાં જ જેને પોતાપણું મનાઈ ગયું છે તેને ભગવાન આત્માનો ડર લાગે છે.

એ જ રીતે સમુદ્ર સ્વભાવથી તો સ્થિર છે પણ પવનની લહેરોથી લહેરાય છે તેમ, ભગવાન આત્મા એકરૂપ જ્ઞાનનો દરિયો છે પણ તેને છોડીને પુણ્ય-પાપના સંયોગમાં ડામાડોળ થઈ રહ્યો છે. **जीव जडसौं अव्यापक सहजरूप, भरमसौं करमकौ करता कहायौ है ।** ભગવાન આત્મા કર્મ અને વિકલ્પથી અવ્યાપક છે, જુદો છે, પણ અજ્ઞાનથી ભ્રમણાના કારણે જડકર્મ મેં કર્યાં, રાગ મેં કર્યો એમ અજ્ઞાની માને છે. જડકર્મના ઉદયના જોરથી પોતાને કર્મનો કર્તા માને છે એમ કહ્યું નથી પણ મિથ્યાત્વી અજ્ઞાની જીવ પોતાની ભૂલથી પોતાને કર્મ, શરીર, રાગાદિનો કર્તા માને છે. જીવ પોતે જ ભૂલ કરે છે, કર્મ તો જડ છે, તે કાંઈ જીવને ભૂલ કરાવતા નથી. કર્મના નિમિત્તના સંગમાં જઈને પુણ્ય-પાપને કરે છે તે પોતાનો અપરાધ છે. અજ્ઞાનભાવમાં ભ્રમણાથી પોતે જ ભૂલ કરે છે.

જ્યારે એને ભાન થાય કે હું શરીર, કર્મથી ભિન્ન છું, રાગ પણ મારું સ્વરૂપ નથી, તે મારું કર્તવ્ય નથી. મારા અસ્તિત્વમાં તો જ્ઞાન ને આનંદ છે, રાગ કે વિકલ્પ મારા અસ્તિત્વમાં નથી એમ જાણે છે ત્યારે તે તેનો કર્તા થતો નથી પણ જ્યાં સુધી શરીર, કર્મ અને રાગાદિથી ભિન્ન પોતાના સ્વરૂપને જાણતો નથી ત્યાં સુધી અજ્ઞાનથી પોતાને શરીર, કર્માદિનો કર્તા માને છે.

આ બે ગાથામાં સાદાં સાદાં દ્રષ્ટાંતોથી મૂળ વાત સમજાવી દીધી છે. અજ્ઞાનીને આ સુકૃત, દુષ્કૃતને આત્મા કરી રહ્યો છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. એમ લાગે છે પણ ભાઈ! તે તારી મૂઢતા છે.

શ્રોતા :—આ દુકાનના ધંધા છોડીને વ્રત, તપ કરે છે, અહિંસા પાળે છે તે સુકૃત નથી?

પૂજ્ય ગુરુદેવ :—ના, અહિંસા પાળવાનો ભાવ એ રાગ છે. રાગમાં આત્માની હિંસા થાય છે માટે તે સુકૃત નથી. હું બીજાની દયા પાળી શકું છું એવા રાગમાં સ્વરૂપની હિંસા થાય છે. અજ્ઞાની પોતાને રાગનો કર્તા માનીને ચૈતન્યને ભૂલી જાય છે.

હું તો ચૈતન્ય છું, મારા અસ્તિત્વમાં પુણ્ય–પાપભાવ નથી, એવા ભિન્નતાના ભાનના અભાવમાં અજ્ઞાની પોતાથી ભિન્ન ભાવનો કર્તા થાય છે અને જીવના ભાવને ખોઈ બેસે છે. આ ભૂલને ટાળીને પોતાના આત્માનું જ્ઞાન કરવું તે ધર્મ છે. [ ક્રમશઃ ]

* હું બીજાને સુખી-દુઃખી કરી શકું, મારી શકું, જિવાડી શકું ઈત્યાદિ પરવસ્તુ પ્રત્યેની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ તેને ભગવાને છોડાવ્યો છે. પોતાના આત્મા સિવાય જગતમાં જેટલી અન્ય વસ્તુ છે તેનાથી મને લાભ થશે કે હું તેનું કરી શકું કે તેઓ મારું કરી શકે—એવો એકત્વબુદ્ધિનો જે મિથ્યાત્વભાવ તે સંસારનું મહાબીજ છે, તેથી તેને જિનેશ્વરદેવે ત્યાગવા યોગ્ય કહ્યો છે.

* પોતે આત્મા સિવાય જેટલી વસ્તુઓ છે તેમાં જે એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે તેને છોડ. જગતના બધા રજકણો, આત્માઓ અને રાગમાં એકત્વબુદ્ધિ છે તે અધ્યવસાન છે, તેને જિનવરદેવે છોડાવ્યો છે. ત્રણલોકના નાથ જિનવરદેવ એમ કહે છે કે તારા આત્મા સિવાય જે કોઈ ભિન્ન ચીજ છે તે સર્વની એકત્વબુદ્ધિનો અધ્યવસાય છોડ.

* હું રાગમય છું તેમ માને છે તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ છું એમ તે માને છે. બીજાને પોતાનું માનતાં જીવની પરિણતિ બગડે છે. દયા-દાન-ભક્તિ-પૂજાનો શુભ રાગ ભલે હો, પણ તેમાં એકતાબુદ્ધિ છે તે આસ્રવનું કારણ છે અને તેનાથી ભેદ પાડવો તે સંવરનું કારણ છે.

—પૂજ્ય ગુરુદેવ

# નજર નાખતાં ન્યાલ થવાય એવો પરમાત્મા પોતે જ છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

(સળંગ પ્રવચન નં. ૬૪)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની ૯૬મી ગાથા છે. આચાર્યદેવ કહે છે કે નિશ્ચયનયથી આત્મસ્વરૂપ જ સમ્યગ્દર્શન છે બાકી બધો વ્યવહાર છે.

अप्पा दंसणु केवलु वि अण्णु अण्णु सव्वु ववहारु ।
एक्कु जि जोइय झाइयइ जो तइलोयहँसारु ॥ ९६ ॥

અર્થ:—માત્ર એક આત્મા જ સમ્યગ્દર્શન છે, બાકી બધો વ્યવહાર છે માટે હે યોગી! એક આત્માનું જ ધ્યાન કરવાયોગ્ય છે કે જે ત્રણલોકમાં સાર છે.

ભગવાન આત્મા શુદ્ધ અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ છે તેની અંતર અનુભવમાં પ્રતીતિ થાય તે સમ્યગ્દર્શન છે, તે આત્માનું જ સ્વરૂપ છે, તે આત્મા જ છે. તે જ સમ્યગ્દર્શન છે તે બાકી બધો વ્યવહાર કહેવામાં આવે છે. નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા, સ્વ-પરની શ્રદ્ધા, દેવ, શાસ્ત્ર, ગુરુની શ્રદ્ધા એ બધામાં ભેદ પડતો હોવાથી તેને વ્યવહાર કહેવાય છે.

હે યોગી! એક આત્મા જ ધ્યાન કરવાયોગ્ય છે. નવતત્ત્વની શ્રદ્ધાને પણ વિકલ્પાત્મક ગણીને તેને વ્યવહાર કહ્યો છે. બીજાની અપેક્ષાથી જુદું પડેલું તત્ત્વ એકરૂપ અભેદ છે તેથી નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધાને પણ વ્યવહાર કહી દીધી છે. અંતર સ્વભાવના અનુભવજ્ઞાનમાં જે પ્રતીતિ થાય છે તે વસ્તુથી જુદી નથી, એક જ છે.

એક સમયમાં જે પૂર્ણ ચૈતન્યવસ્તુ છે તે ત્રણલોકમાં સાર છે, ત્રણલોકમાં આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ કે વિકલ્પ સાર નથી, એક આત્મા જ સાર છે, તેનો આશ્રય કરીને નિર્વિકલ્પ શાંતિ, શ્રદ્ધા આદિ પ્રગટ કરવા તેનું નામ સમ્યગ્દર્શન છે.

આ વાત ચર્ચાનો વિષય છે તેથી મોક્ષમાર્ગપ્રકાશકના નવમા અધિકારમાં તેની ઘણી છણાવટ કરી છે કે (૧) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (૨) સાતતત્ત્વની શ્રદ્ધા (૩) સ્વ-પરની શ્રદ્ધા (૪) સ્વની શ્રદ્ધા એ ચારેયમાંથી એક પણ શ્રદ્ધા જ્યાં યથાર્થ હોય ત્યાં ચારેય શ્રદ્ધા હોય જ છે. શાસ્ત્રમાં ક્યાંક દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું છે, ક્યાંક

સાતતત્ત્વની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે એમ કહ્યું, ક્યાંક પોતાના આત્માની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહ્યું છે એમ કથન જુદાં જુદાં આવે પણ જો એક શ્રદ્ધા યથાર્થ છે તો તેમાં દેવ, ગુરુ, શાસ્ત્ર, સાતતત્ત્વ, સ્વ-પર અને સ્વ બધાંની શ્રદ્ધા યથાર્થ જ હોય છે. અહીં તો એક આત્માની શ્રદ્ધાને નિશ્ચયસમ્યગ્દર્શન ગણીને બાકીના બધાં ભાવોને વિકલ્પાત્મક ગણીને વ્યવહાર કહ્યાં છે.

ભાવાર્થ:—આત્મતત્ત્વ કેવું છે?—આત્મતત્ત્વ વીતરાગ, ચિદાનંદ, અખંડ સ્વભાવી છે. રાગનો એક અંશ પણ આત્મતત્ત્વમાં નથી. રાગ તો દોષરૂપ છે તે વસ્તુના સ્વભાવમાં ન હોય. વસ્તુ-આત્મા તો ચિદાનંદ-જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. વસ્તુમાં ખંડ નથી, એકરૂપ છે. વસ્તુમાં રાગ નથી, વીતરાગસ્વરૂપ છે અને જ્ઞાનાનંદસ્વરૂપ છે. ભગવાન આત્મતત્ત્વ નિર્દોષ, ચિદાનંદ ગુણસંપન્ન એકરૂપ અખંડ એકસ્વભાવ છે.

પોતાના આવા વીતરાગ, ચિદાનંદ અખંડ સ્વભાવ આત્મતત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે અને એ જ આત્મતત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને આવા સ્વરૂપનો અનુભવ અને તેમાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે. આ ત્રણેય પર્યાય છે તે વસ્તુ સાથે અભેદ છે. જે સમયે સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ છે તે વખતે મન, વચન, કાયા ત્રણેય ગોપવાય છે માટે ત્રણગુપ્તિનું પરિણમન છે.

આ મુનિની મુખ્યતાથી કથન છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને મુનિને આવું અભેદ રત્નત્રય અને ત્રણગુપ્તિ હોય છે. અભેદરત્નત્રય જેનું લક્ષણ છે અને ત્રણગુપ્તિરૂપ સમાધિમાં જે લીન છે એવા મુનિને નિશ્ચય સમ્યક્ત્વ છે. ચોથા ગુણસ્થાને સમકિતીને પણ સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર તો છે પણ સ્વરૂપમાં વિશેષ સ્થિરતા નથી તેથી તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે અને મુનિને નિશ્ચયથી મોક્ષમાર્ગ કહ્યો છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની અપેક્ષાથી તો ચોથા ગુણસ્થાને પણ નિશ્ચયમોક્ષમાર્ગ છે પણ ચારિત્ર સહિત અભેદરત્નત્રયની અપેક્ષાએ મુનિને નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો છે.

નિશ્ચયનયથી નિજ આત્મા જ નિશ્ચયસમ્યક્ત્વ છે. ચિદાનંદ નિર્દોષ અખંડ આત્માની અંતરમાં અનુભૂતિની અસ્તિ અને મન-વચન-કાયા આ ત્રણેયની પ્રવૃત્તિની નાસ્તિ એટલે કે તે ત્રણેય સંબંધી વિકલ્પો છૂટી ગયા છે એવી સમાધિમાં અભેદરત્નત્રયની પરિણતિ તે શાંતિ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેયમાં શાંતિ છે. તે શાંતિમાં લીન છે એવો આત્મા જ નિશ્ચયથી સમ્યક્ત્વ છે.

એ શાંતિની પરિણતિપણે પરિણમે ત્યારે સમ્યગ્દર્શન છે કારણ કે વસ્તુ પોતે તો

અનાદિથી છે પણ શાંતિની પરિણતિ નથી તો સમ્યગ્દર્શન નથી. પુણ્ય-પાપના પરિણામ અને સંયોગો મારા છે એવી મિથ્યાત્વની પરિણતિ વર્તે છે તેમાં શાંતિ નથી. જેમાં કોઈની અપેક્ષા નથી એવી અભેદરત્નત્રયની પરિણતિમાં જ શાંતિ છે.

પ્રવચનસારમાં આવે છે..." હું આ મોક્ષ અધિકારી જ્ઞાયકસ્વભાવી આત્મતત્ત્વના પરિજ્ઞાનપૂર્વક, મમત્વના ત્યાગરૂપ, નિર્મમત્વના ગ્રહણરૂપ વિધિવડે સર્વ ઉદ્યમથી શુદ્ધાત્મામાં પ્રવર્તું છું કારણ કે અન્ય કાંઈ કરવાયોગ્ય નથી..."

જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા પરમાનંદનો નાથ આત્મા પોતે જ પરમાત્મા છે. તેની અંતરમુખ થઈને એકાકાર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ કરવાલાયક છે. બીજું કોઈ કાર્ય કરવા જેવું નથી.

શ્રોતા :—બીજું કાંઈ કરવાયોગ્ય નથી તો પરનું કામ કરવું કે નહિ?

પૂજ્ય ગુરુદેવ :—પરનું કાર્ય આત્મા ત્રણકાળમાં કરી શકતો જ નથી. જડના એક રજકણને પણ આમથી તેમ કરવાની જીવની શક્તિ નથી. અહીં તો, પુણ્ય-પાપનું કર્તૃત્વ પણ આત્માને નથી અને વ્યવહારરત્નત્રયનું કાર્ય પણ આત્માનું નથી એમ સિદ્ધ કરવું છે.

આ આત્મા નિર્દોષ ચિદાનંદની મૂર્તિ છે તેમાં એકલો જ્ઞાન અને આનંદ જ પરિપૂર્ણપણે ભરેલો છે અને એકરૂપ છે એવો ભગવાન તીર્થંકરદેવે આ આત્માને જોયો છે. એક આત્મા નહિ પણ બધાં આત્માઓ જ્ઞાન અને આનંદની શક્તિથી ભરેલા છે. તેની અંતરપ્રતીતિ, તેનું સમ્યગ્જ્ઞાન અને તેના ચારિત્રરૂપે—અભેદરત્નત્રયરૂપે પરિણમેલો આત્મા જ નિશ્ચયસમ્યક્ત્વ છે. આ કેવળજ્ઞાન થાય ત્યારની વાત નથી. આ તો ચોથા ગુણસ્થાને પણ આવું સમ્યક્ત્વ છે. શ્રાવક થયા પહેલાં પણ આવી દશા હોય છે તેની વાત છે. વાડાના શ્રાવક એ શ્રાવક નથી, તેની આ વાત નથી.

વસ્તુસ્વભાવે—શક્તિએ—સત્વે—તત્ત્વે—દ્રવ્યે આત્મા જ પરિપૂર્ણ પરમાત્મા છે. તેની સન્મુખ થઈને અંતરમાં અનુભવપૂર્વક એમ પ્રતીતિ થાય કે આ જ આત્મા છે—આ જ હું છું એ નિશ્ચયસમ્યગ્દર્શન છે. એ જ સાચો મોક્ષમાર્ગ છે. દેહ, વાણી, મનની ક્રિયા, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ બધું વિકલ્પાત્મક છે તેથી અનુભવમાં એ કાંઈ આવતું નથી.

જુઓ! સર્વજ્ઞ પરમાત્મા જેમ કહે છે તેમ જ આ સંતો કહે છે કે આત્માનું નિર્દોષ જ્ઞાનાનંદ એકરૂપ સ્વરૂપ છે તેનો અંતરમાં અનુભવ થવો—આનંદકંદ છું એવો અનુભવ થવો, એવું જ્ઞાન થવું અને તેમાં લીનતા થવી તે અભેદરત્નત્રય છે.

આ અભેદરત્નત્રયની પરિણતિએ પરિણમેલો આત્મા તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. બહારથી એકલા ક્રિયાકાંડ કરવા, જાત્રા કરવી, ભક્તિ કરવી, વ્રત-નિયમ લેવા તે રાગ છે, મોક્ષનો માર્ગ નથી—સમ્યગ્દર્શન નથી—ધર્મ નથી. રાગ કરતાં કરતાં કદી ધર્મ પ્રગટ થતો નથી. પુણ્ય અને પાપ બંને રાગથી પેલે પાર ઊંડે...ઊંડે...ઊંડે જઈને જુઓ તો આત્માનો અનુભવ થાય છે.

ચિરોડીના સફેદ પત્થર, જમીનમાં જેમ ઊંડા ઊંડા જાવ તેમ, સારાં પત્થર નીકળે છે એ અમે જોયેલું છે તેના ઉપરથી આ યાદ આવ્યું કે આત્મામાં ઊંડા ઊંડા ઊતરો તો અનુભવ થાય છે.

શ્રોતા :—જમીનમાં ઊંડા ઊતરે તો પૈસા પણ મળી આવે!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પૈસા તો નસીબમાં હોય એને મળે પણ એ તો ધૂળ છે એમાં આત્માને કાંઈ લાભ ન થાય. જગતમાં એને શાહુકાર કહેવાય પણ એ સોજા છે—ઉપાધિ છે. હું પૈસાવાળો...હું પૈસાવાળો એમ માને છે પણ તું પૈસાવાળો છો? તું તો જ્ઞાન ને આનંદવાળો છો એમ ભગવાન કહે છે. અહીં પણ એમ કહ્યું કે તું નિર્દોષ અખંડ ચિદાનંદસ્વભાવી છો પણ—એને પોતાના સ્વભાવની ખબર જ નથી. હું પૈસાવાળો ને શરીરવાળો અને આબરૂવાળો એમાં જ પોતાનું સર્વસ્વ માની લીધું છે.

શ્રોતા :—આત્મામાં ઊંડું કેમ જવું સાહેબ!

પૂજ્ય ગુરુદેવશ્રી :—શરીરનું લક્ષ છોડી, પુણ્ય-પાપનું લક્ષ છોડી; એક સમયની પર્યાયનું પણ લક્ષ છોડી આત્માનું લક્ષ કરવું તેનું નામ આત્મામાં ઊંડે ગયો કહેવાય. આ આત્માના ઊંડા તળમાં અતીન્દ્રિય આનંદના ચોસલાં પડયાં છે. એકલો આનંદ જ નહિ, અતીન્દ્રિય જ્ઞાન છે, શાંતિ છે, પ્રભુતા છે. આત્મા અતીન્દ્રિય અનંત ગુણોથી ભરેલો પ્રભુ છે.

શરીર, વાણી, મન તે આત્મા નથી, પાપનો વિકલ્પ પણ આત્મા નથી, પુણ્યનો વિકલ્પ પણ નહિ અને એક સમયની પર્યાય એ પણ આખો આત્મા નથી. એક સમયમાં જે આખો વીતરાગ ચિદાનંદ અખંડ સ્વભાવી દ્રવ્ય છે, તેમાં દૃષ્ટિ દેવી તેનું નામ સમ્યગ્દર્શન છે, તેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને તેમાં રમણતા થવી તે સમ્યક્ચારિત્ર છે એમ ભગવાન કહે છે. આ રત્નત્રય સિવાયના બાકી બધાં થોથા છે. માટે જેને હિત કરવું હોય તેણે આવા રત્નત્રય પ્રગટ કરવાં.

નિશ્ચયથી રત્નત્રયપરિણત આત્મા જ સમ્યક્ત્વ છે, અન્ય સર્વ વ્યવહાર છે માટે આત્મા જ ધ્યાવવા યોગ્ય છે—ધ્યાન કરવા યોગ્ય છે. તો ધ્યાન એટલે શું?—ધ્યેયમાં

એકાગ્ર થવું તે ધ્યાન છે. નિર્દોષ વીતરાગ અખંડ આત્મા તે ધ્યેય છે તેને લક્ષમાં લઈને તેમાં સ્થિર થવું તે ધ્યાન છે. બહિર્મુખતાથી છૂટી, અંતરમુખ થઈ અંતરમાં અભેદ રત્નત્રયરૂપે પરિણમન થયું તે આત્મા જ નિશ્ચયથી સમ્યક્ત્વ છે. અન્ય સર્વ વ્યવહાર છે એટલે કે દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે તે રાગ છે, નવતત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ પણ રાગ છે. એકલા ભેદનો અનુભવ કરવો એ તો મિથ્યાત્વ છે. માટે સારભૂત તો એક શુદ્ધાત્મા છે તેનું ધ્યાન કરવાયોગ્ય છે.

જેમ દ્રાક્ષ, કપૂર, ચંદન આદિ ઊંચી ઊંચી વસ્તુ નાખીને ઉનાળામાં દુધીયું બનાવવામાં આવે છે તેમાં અનેક વસ્તુનો રસ હોવા છતાં અભેદનયથી એક 'પીણું' જ કહેવામાં આવે છે. જેને હિન્દીમાં તમે ઠંડાઈ કહો છો તે ઠંડાઈની જેમ, શુદ્ધાત્માનુભૂતિમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિ અનેક પર્યાયોથી આત્મા પરિણમેલો છે તોપણ અભેદનયથી તે એક આત્માનો જ અનુભવ છે અથવા આત્મા જ છે.

આવી વાત કોઈએ સાંભળી ન હોય એટલે આ શું કહે છે એમ થાય. આખી જિંદગી બધાંએ પૈસા માટે મજૂરી જ કરી છે. બધાં મોટા મજૂર છો. આખો દિવસ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પો કર્યા છે તે મજૂરી છે. પરપદાર્થને ઊંચકીને લઈ જવા એ મજૂરી નથી. પરન્તું તો આત્મા કાંઈ કરી શકતો જ નથી પણ આ આમ લઈ જાઊં ને આમ મૂકું એવા રાગની મજૂરી જીવે કરી છે. એ પણ સ્ત્રી, પુત્રાદિ માટે એણે મજૂરી જ કરી છે. અહીં તો દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાના રાગને પણ ધર્મ કે સમ્યગ્દર્શન કહેતાં નથી, એ માત્ર શુભરાગ છે અને વેપાર-ધંધા એ મજૂરી છે-પાપ છે.

अप्पा दंसणु केवलु કહીને જોર તો દર્શન ઉપર આપ્યું છે પણ પાઠમાં જ્ઞાન અને ચારિત્ર પણ લઈ લીધા છે. પૂર્ણ પરમાત્મ નિજ વસ્તુમાં દૃષ્ટિ મૂકતાં જે નિર્વિકલ્પ શ્રદ્ધા થાય તે નિશ્ચય સમ્યગ્દર્શન છે તેની સાથે જ્ઞાન પણ સમ્યક્ થાય છે અને સ્વરૂપાચરણ ચારિત્ર પણ છે. આમ દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેયનું પરિણમન હોવા છતાં તેને આત્માના પરિણામ તરીકે એક આત્મા પણ કહેવામાં આવે છે.

આ ભગવાન આત્માની જાત્રા કરવી તે ખરી જાત્રા છે. બાકી, ભગવાનના સ્થાનોની જાત્રાનો રાગ, અશુભરાગથી બચવા માટે હોય છે પણ આ અનંતગુણના નાથ ઉપર ક્રમે ક્રમે ચડવું—અંદરમાં રમવું તેને ભગવાન, 'યાત્રા' કહે છે.

આત્મા અરૂપી છે પણ ગુણો અપાર ભરેલા છે. અપાર...અપાર...અપાર ગુણો. ખાણમાંથી જેમ રત્નના થરના થર નીકળે પણ એ તો ઘસવા પડે અને ટૂકડાં ટૂકડાં હોય જ્યારે આત્મામાં તો અનંત ગુણો છે અને તે પણ ટૂકડાં નહિ અભેદ છે.

તેમાં જ્ઞાન અને આનંદને મુખ્ય ગણ્યાં છે પણ ગુણો તો અનંત છે. જ્ઞાન અસાધારણ છે અને આનંદ એ સુખરૂપ દશા છે એવા જ્ઞાનાનંદથી ભગવાન આત્મા છલોછલ ભરેલો છે એનું ભાન કરે તો તે અનુભવમાં આવે પણ ભાન જ કરતો નથી કેમ કે એને બહારના વેપાર-ધંધા, કુટુંબ આદિની મહિમા અંદરમાં પડી છે. કોઈનો દીકરો જ કહેતો હતો કે 'મારા બાપુજીને અંદરમાં મારો માહે બહુ પડયો છે'...અરે! પણ કોના દીકરા અને કોના બાપ!...ભગવાન! તું પોતે પોતાને અનાદિથી ભૂલી ગયો છો—તું ભૂલેલો ભગવાન છો.

અંતરમાં શુદ્ધાત્માને એકને જ ઓળખીને તેનું ધ્યેય બનાવીને તેની દૃષ્ટિ કરવી, તેનું જ્ઞાન કરવું અને તેનું ધ્યાન કરીને તેમાં ઠરવું એ એક જ કરવા જેવું કાર્ય છે, એ જ મોક્ષમાર્ગ છે, તે જ સત્ય છે, બાકી બધું જૂઠું છે. ધૂળના ઢગલામાં કાંઈ નથી, હોળી છે. ચૈતન્યરત્ન તો અહીં પોતાની પાસે છે. વીતરાગ કહે છે તું ત્યાગી થયો, વ્રતધારી થયો પણ કદી તે તારા વીતરાગ પરમાત્માને ઓળખ્યો નથી. એની ઓળખાણ વિના બધું ધૂળધાણી છે—નકામું છે—રખડવા માટે કામનું છે.

આ ગાથામાં જેમ અભેદરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે તેમ જૈનસિદ્ધાંતોમાં દરેક જગ્યાએ કહ્યું છે. જેમ કે પુરુષાર્થસિદ્ધિઉપાયની ૨૧૬મી ગાથામાં આ પ્રમાણે કહ્યું છે:

दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः ।
स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बन्धः ॥ २१६ ॥

આ ગાથાનો અર્થ એ છે કે આત્માનો નિશ્ચય તે સમ્યગ્દર્શન છે. આત્મા—હું અખંડ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ છું એવો નિર્ણય અર્થાત્ નિર્વિકલ્પ પ્રતીતિ થવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે, તે આત્મા જ છે. તે આત્માનું રતન છે, તેનાથી તેને મોક્ષ મળશે. રતન પાકયું...રતન. એવું જ બીજું રતન છે 'સમ્યગ્જ્ઞાન'. આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. બહારના જાણપણા અને હોશિયારી તે સમ્યગ્જ્ઞાન નથી. એ મીંડા છે. અહીં તો શાસ્ત્રજ્ઞાનને પણ જ્ઞાન કહેતાં નથી. પર તરફનું જ્ઞાન છે તેને જ્ઞાન કેમ કહેવાય! જ્ઞાયકને ધ્યેય કરીને તેમાંથી જે જ્ઞાનનું કિરણ પ્રગટે છે તેને સમ્યગ્જ્ઞાન રતન કહેવાય છે. તેને જ ભગવાન 'જ્ઞાન' કહે છે. બીજા જ્ઞાનને તો અજ્ઞાન કહે છે. સમ્યગ્જ્ઞાન રતનથી મુક્તિ અને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

આ પુરુષાર્થસિદ્ધિ ઉપાય તો ચરણાનુયોગનો ગ્રંથ છે તેમાં પણ આત્માના શ્રદ્ધા-જ્ઞાનને જ સમ્યકૂરત્ન કહ્યાં છે. વસ્તુનું સ્વરૂપ તો દરેક શાસ્ત્રમાં એકસરખું જ હોય ને! વસ્તુના જ્ઞાનપૂર્વક પાંચમા ગુણસ્થાને વ્રત, તપ આદિ હોય તેને વ્યવહાર

કહેવાય પણ વસ્તુના જ્ઞાન વિના તો વ્રત કેવા અને તપ કેવા! એ તો મુર્ખાઈ ભરેલાં બાળવ્રત અને બાળતપ છે.

આત્મામાં નિશ્ચલ-લીન થવું તેને ભગવાન સમ્યક્ચારિત્ર નામનું રતન કહે છે. પાંચ મહાવ્રતના વિકલ્પ ઊઠે, નગ્ન રહે વગેરે ક્રિયા કરે તે સમ્યક્ચારિત્ર નથી. સ્વાશ્રિત તે નિશ્ચય અને પરાશ્રિત તે વ્યવહાર છે માટે, આત્મામાં લીનતા તે નિશ્ચયચારિત્ર છે અને ૨૮ મૂળગુણ આદિના વિકલ્પ ઊઠે છે તે વ્યવહાર છે.

સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ જ ત્રણ રત્નો છે. એ રત્નની કિંમત કેટલી?—કે આ રત્ન અમૂલ્ય છે. આ નિશ્ચયરત્નત્રયના ફળમાં તો જીવને સાક્ષાત્ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેનાથી બંધ ક્યાંથી થાય! નિશ્ચયરત્નત્રયથી કદી બંધ થાય જ નહિ, સાથે રહેલાં વ્યવહારથી બંધ થાય છે.

ભગવાન આત્મામાં પોતાના વીર્યનો ઉપાડ કરીને દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા કરવી તે પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે. તેનો આધાર આપ્યો.

અહીં, ચારિત્ર તે સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાથી ચારિત્ર સહિતના દર્શન, જ્ઞાનને અભેદરત્નત્રય કહીને મુક્તિનું કારણ કહ્યું છે. પણ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચય હોય છે અને સ્વરૂપાચરણ ચારિત્ર પણ ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે પણ વિશેષ ચારિત્ર તો મુનિદશામાં જ છે, તે સાક્ષાત્ મુક્તિનું કારણ છે. ચોથાગુણસ્થાને તો 'ધર્મધ્યાન' રૂપ મોક્ષમાર્ગ હોય છે.

હવે ૯૭મી ગાથામાં કહે છે કે નિર્મળ આત્માને જ ધ્યાવો તો અંતર્મુહૂર્તમાં (તત્કાળ) મોક્ષપદની પ્રાપ્તિ થાય.

अप्पा झायहि निम्मलउ किं बहुएँ अण्णेण ।
जो झायंतहँ परम-पउ लब्भइ एक्क-खणेण ॥ ९७ ॥

અર્થ:—હે યોગી! તૂ નિર્મળ આત્માનું જ ધ્યાન કર. અન્ય બહુ પદાર્થોથી શું પ્રયોજન છે! દેશ, કાળ, પદાર્થ તો આત્માથી ભિન્ન છે, તેનાથી કાંઈ પ્રયોજન નથી. રાગાદિ વિકલ્પજાળના સમૂહોના પ્રપંચોથી શું ફાયદો છે! એક નિજસ્વરૂપને ધ્યાવો કે જે પરમાત્માના ધ્યાનથી ક્ષણમાત્રમાં મોક્ષપદ મળે છે.

ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જેમ ફરમાવે છે તેમ અહીં સંતો ફરમાવે છે કે હે યોગી! (ચોથા ગુણસ્થાનથી યોગીપણું શરૂ થઈ જાય છે) આગળ જે નિર્મળ ચિદાનંદ એકસ્વભાવી આત્મા કહ્યો તે નિર્મળ આત્માનું ધ્યાન કર! તેને જ લક્ષમાં

લઈને ઠરી જા તે ધ્યાન છે. ધ્યાન તો તને આવડે જ છે. ધંધામાં, સ્ત્રી, પુત્રાદિમાં, ખાવા-પીવામાં, ભોગમાં જે લીનતા છે તે ધ્યાન જ છે પણ તે આર્ત અને રૌદ્ર ધ્યાન છે અને અહીં ધર્મ અને શુકલધ્યાનની વાત છે. કોઈ પણ વિષયમાં લક્ષ કરીને એકાગ્ર થઈ જવું તેનું નામ ધ્યાન છે. પણ તેમાં પાપધ્યાન કરવાલાયક નથી. ભગવાન આત્માને વિષય બનાવીને તેમાં ઠરી જવું તે રૂપ ધ્યાન કરવાલાયક છે.

ધર્મ એટલે આત્માનો 'વીતરાગ નિર્વિકલ્પ ચિદાનંદ સ્વભાવ.' તેનું ધ્યાન કરવું એટલે તેમાં એકાગ્ર થઈ જવું તે ધર્મધ્યાન છે. તેમાં નિર્વિકલ્પ શાંતિ પ્રગટ થાય છે. તેની અંદર દર્શન, જ્ઞાનની પરિણતિ પણ આવી જાય છે. સમ્યગ્દર્શન વિના ધર્મધ્યાન હોતું નથી. તેથી ગમે તેટલી ક્રિયા કરે પણ ધર્મ માટે તે વ્યર્થ છે.

ધર્મ એટલે ભગવાન આત્માનો પૂર્ણ સ્વભાવ અને ધ્યાન એટલે એકાગ્રતા. આત્મામાં એકાગ્રતાની શુદ્ધપરિણતિને ધર્મધ્યાન કહે છે. આત્મસ્વભાવના અવલંબને નિર્વિકલ્પ શુદ્ધ વીતરાગીપર્યાય પ્રગટે છે. આત્માના લક્ષે જ શાંતિ પ્રગટે છે. આત્માના લક્ષે જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટે તે પ્રગટદશાને ધર્મધ્યાન કહે છે અને અંતરમાં વિશેષ ઉગ્રપણે એકાકારતા થાય તેને શુકલધ્યાન કહેવાય છે.

એક આત્મા સિવાય અન્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવોથી તારે શું પ્રયોજન છે! કેમકે એ બધું તારા આત્માથી ભિન્ન છે અને રાગાદિ તો વિકલ્પજાળ છે, પ્રપંચ છે, એવા અનેક રાગાદિ વિકલ્પજાળથી પણ તને શું ફાયદો છે!

જીવોને એમ થાય કે વાત તો બધી બરાબર છે પણ અમારે પ્રથમ કરવું શું! પ્રથમ જ આ સમજવાનું છે. આત્માને ઓળખીને તેમાં લીન થવું એ જ કરવાનું છે. બહારની ક્રિયા થતી હોય છતાં અંદરમાં સ્વભાવમાં એકાગ્રતા થઈ જાય તેનું જ નામ ધ્યાન છે. સિદ્ધ સમાન નિજઆત્માનું ધ્યાન કરવાનું છે. વસ્તુએ આત્મા સિદ્ધ છે તેથી પર્યાયમાં સિદ્ધદશા થઈ શકે છે. વસ્તુમાં જ જો સિદ્ધ થવાની શક્તિ ન હોય તો સિદ્ધદશા આવી ન શકે. પણ, બધાં આત્માઓ સિદ્ધ થવાની શક્તિ સહિત જ છે.

આવા સિદ્ધ સમાન નિજાત્માનું અંતરમાં ધ્યાન કરવું એ જ તારું કર્તવ્ય છે, બીજા પદાર્થથી તારે શું પ્રયોજન છે! તારું દ્રવ્ય તે તું પોતે, તારું ક્ષેત્ર એટલે અસંખ્યાત પ્રદેશી તારું ક્ષેત્ર, તારું ત્રિકાળી સ્વરૂપ તે તારો સ્વકાળ અને તારા અનંતગુણો એ તારો સ્વભાવ છે. એમાં તારું બધું જ આવી જાય છે. હવે બીજાં દ્રવ્યોથી તારે શું પ્રયોજન છે! દેવ-શાસ્ત્ર-ગુરુ પણ પર છે તો સ્ત્રી, પુત્ર, પરિવારાદિ તો તારાં ક્યાં રહ્યા?

તારો ભગવાન પૂર્ણાનંદ તારી પાસે બિરાજે છે તેના સિવાય પરપદાર્થોથી તારે કાંઈ પ્રયોજન નથી. એક તારા સ્વભાવ ઉપર નજર કર...નજર કર...તેનું જ ધ્યેય બનાવ! બસ, એ જ કરવા જેવું છે. બીજા કોઈ દ્રવ્યો કે વ્યવહાર વિકલ્પો આદિ પ્રપંચથી તને કાંઈ ફાયદો નથી. જેમાં નજર કરવાથી ન્યાલ થવાય એવો ભગવાન તો તું પોતે જ છો પછી બીજાં વિકલ્પોનું તારે શું કામ છે!

શ્રોતા:—આવું સાંભળવા મળ્યા કરે તો પણ સારું.

પૂજ્ય ગુરુદેવશ્રી:—બે કલાક તો મળે છે. તેનાથી કેટલું જોઈએ છે! તારો ભગવાન તો ચોવીશે કલાક તારી પાસે જ છે. તેમાં નજર કર ને! શુભવિકલ્પનું તારે શું કામ છે! જે બંધના કારણ છે તેનાથી તારું હિત ક્યાં થવાનું છે! સંયોગી ચીજથી તો તારું હિત નથી પણ સંયોગી વિકલ્પમાં પણ તારું હિત થાય તેમ નથી.

અહો! અનંત...અનંત...જેની હદ નહિ એવી અનંત શક્તિનું આખું તત્ત્વ તારી પાસે જ છે કે જેના લક્ષે મોક્ષપર્યાય પ્રગટવાના કારણ પ્રગટે છે. હવે તારે બીજાનું શું કામ છે! અરે! લૌકિકમાં એક રાજાના શરણે જાય ત્યાં એકવારમાં રાજા તેને આખી જિંદગીનું શરણ આપી દે છે. શાસ્ત્રમાં પાઠ આવે છે કે રાજાને ત્યાં પુત્ર જન્મ થાય તેની વધામણી કહેવા જે દાસી રાજા પાસે આવી હોય તેને રાજા આખી જિંદગી ચાલે તેટલી લક્ષ્મી આપી દે છે અને દાસીપણામાંથી મુક્ત કરે છે. તેમ આ અલૌકિક ભગવાન આત્માના શરણે એકવાર જે જાય તે હવે સંસારનો દાસ ન રહે. સંસારથી મુક્ત થઈ જાય.

ભગવાન આત્માની ઓથે (આશ્રયે) ક્ષણમાત્રમાં કેવળજ્ઞાન થાય છે માટે તું તેનું જ ધ્યાન કર. બીજું બધું ધ્યાન છોડી દે. (ક્રમશઃ) ❋

❋ મુદ્દાની વાત એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ હોવા છતાં તેમાં જે પર્યાય થાય છે તે ક્રમસર થાય છે. રાગની અવસ્થા હો કે સમકિતની અવસ્થા હો, પણ તે ક્રમસર થાય છે. જેમ ત્રિકાળી વસ્તુ એકરૂપ છે તેમ પર્યાયનું રૂપ ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની તે ક્રમસર થવાની એવું તેનું રૂપ છે. જડમાં પણ જે સમયે જે પર્યાય થવાની તે થવાની અને તે ક્રમસર જ થવાની. આત્મામાં અજ્ઞાનપણે જે પર્યાય ક્રમસર થાય તેનો અજ્ઞાની કર્તા થાય છે, ધર્મીને જે ક્રમસર રાગાદિ આવે છે તેનો તે કર્તા ન થતાં જ્ઞાતા જ રહે છે. —પૂજ્ય ગુરુદેવ

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

સુવર્ણપુરીનો દૈનિક કાર્યક્રમ :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર પર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન
સવારે ૧૦-૧૫ થી ૧૧-૦૦ : પુરુષો માટે શિક્ષણવર્ગ
બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : 'શ્રી પ્રવચનસાર' ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન
બપોરે ૪-૧૫ થી ૪-૩૦ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૩૦ થી ૫-૧૫ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન.

* અષ્ટાહ્નિક-ઉત્સવ :—વિ. સં. ૧૯૯૭માં પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ આગામી માઘ વદી-૯, તા. ૧૩-૨-૯૬, મંગળવારથી ફાગણ સુદ-૨, તા. ૨૦-૨-૯૬, મંગળવાર—આઠ દિવસ સુધી 'શ્રી વીસ-વિહરમાન-જિન-મંડલ-વિધાન-પૂજા', જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

* શ્રી પંચમેરુ-નંદીશ્વરનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :— શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો અગિયારમો વાર્ષિક પ્રતિષ્ઠાદિન, ફાગણ સુદ-૩, બુધવાર, તા. ૨૧-૨-૯૬ થી ફાગણ સુદ-૭, રવિવાર, તા. ૨૫-૨-૯૬ —પાંચ દિવસ સુધી 'શ્રી પંચકલ્યાણકપૂજન-વિધાન', નંદીશ્વરજિનભક્તિ આદિ વિશેષ કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

* નંદીર-અષ્ટાહ્નિકા :—શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં ફાગણ સુદ-૮, તા. ૨૬-૨-૯૬ થી ફાગણ સુદ-૧૫, તા. ૫-૩-૯૬ સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા 'શ્રી પંચમેરુ-નંદીશ્વર-વિધાનપૂજા' તેમ જ ભક્તિ આદિ સહિત ઉજવવામાં આવશે.

* પરમાગમમંદિર-પ્રતિષ્ઠાદિન :—ફાગણ સુદ-૧૩, રવિવાર, તા. ૩-૩-૯૬ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ-દિગંબર જૈન પરમાગમમંદિરની ૨૨મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પરમાગમ-મંદિરમાં પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

# 卐 ચરણપ્રતિષ્ઠા તેમ જ ગુરુપ્રતિકૃતિ-સંસ્થાપન

* ખંડવા ( મધ્યપ્રદેશ ) શહેરમાં શ્રી આદિનાથ દિ. જિનમંદિરના ઉપરના ભાગમાં અગિયાર રમ્ય સંગેમમંરનિર્મિત ગોખલામાં—૧. શાસનનાયક પરમપૂજ્ય શ્રી મહાવીર ભગવાન, ૨. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી, ૩. શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી, ૪. મહાકર્મ-પ્રકૃતિપ્રાભૃતબોધના ( ષટખંડાગમના ) દાતા શ્રી ધરસેનસ્વામી, ૫. અધ્યાત્મશાસનસ્તમ્ભ ભગવત્કુંદકુંદાચાર્યદેવ, ૬. સમયસારાદિ પ્રાભૃતત્રયના ટીકાકાર સ્વામી શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, ૭. તત્ત્વાર્થસૂત્રપ્રણેતા આચાર્યવર શ્રી ઉમાસ્વામી, ૮. ન્યાયશાસ્ત્રના પ્રણેતા શ્રી સમંત-ભદ્રાચાર્યદેવ, ૯. સર્વાર્થસિદ્ધિ–ટીકા આદિના પ્રણેતા શ્રી પૂજ્યપાદાચાર્યદેવ, ૧૦. પરમાત્મ પ્રકાશાદિ સરળ અધ્યાત્મપ્રણેતા આચાર્ય શ્રી યોગીન્દ્રદેવ અને ૧૧. નિયમસાર–ટીકા પ્રણેતા મુનિવર અધ્યાત્મયોગી શ્રી પદ્મપ્રભમલધારિદેવ—આ અગિયારના ચરણચિહ્નોની વિધિપૂર્વક પ્રતિષ્ઠા તેમ જ તેમનું મંગળ સંસ્થાપન તથા શ્રી કુન્દકુન્દ-કહાન દિ. જૈન સ્વાધ્યાયહૉલમાં પરમ–તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સંગેમમંરનિર્મિત અતિભવ્ય, મનોહર પ્રતિકૃતિ ( સ્ટેચ્યૂ ) સંસ્થાપનનો મંગળ મહોત્સવ તા. ૩૧–૧–૯૬થી તા. ૨–૨–૯૬—ત્રણ દિવસ સાનંદસમ્પન્ન થયો. બહારગામથી લગભગ ૪૫૦ મુમુક્ષુ મહેમાન પધાર્યા હતા. ગુરુપ્રતિકૃતિ સસ્થાપનનું સ્વર્ણિમ મંગળ સૌભાગ્ય ખંડવાનિવાસી બ્રહ્મચારી બહેનો—બ્ર. આશાબેન, બ્ર. ચંદ્રાબેન, બ્ર. સુબોધબેન, બ્ર. વીણાબેન તેમજ સનાવદનિવાસી શ્રી નિર્મળાબેન કંવરચંદજી આ પાંચ બહેનોને પ્રાપ્ત થયું હતું. લગભગ પોણાચાર લાખ રૂપિયાની દાનરાશિ શ્રી આદિનાથ–કુંદકુંદ-કહાન દિ. જૈનમંદિર ટ્રસ્ટ ખંડવાને આ મહોત્સવમાં પ્રાપ્ત થઈ હતી.

## ❖ બહેનશ્રી—સમ્યક્ત્વજયંતી–નિમંત્રણપત્રિકા ❖

સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૪મી સમ્યક્ત્વજયંતીની —કે જે જામનગરનિવાસી શ્રી દોલતરાય માણેકચંદ મહેતા–પરિવાર, હા૦ પુષ્પાબેન, મહેશભાઈ તેમ જ જયેશભાઈ તરફથી ઉજવવાની છે તેમની—નિમંત્રણપત્રિકાના લેખનની મંગળવિધિ સુવર્ણપુરીમાં તા. ૨૫–૨–૯૬ રવિવારના દિવસે હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થશે. આ અવસર ઉપર જામનગર, રાજકોટ, ભાવનગર આદિ અનેક ગામેથી મુમુક્ષુ મહેમાનો પધારશે.

* મુંબઈના દાદર ઉપનગરમાં ભગવાન શ્રી મહાવીર દિ૦ જિનમંદિરના પરિસ્સરમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પ્રતિકૃતિ ( સ્ટેચ્યૂ ) બિરાજમાન કરવાની મંગળવિધિ તા. ૨૬–૧–૯૬ શુક્રવારના રોજ શ્રી પંચપરમેષ્ઠિ મંડળવિધાનપૂજા ઇત્યાદિપૂર્વક સંપન્ન થઈ. ગુરુપ્રતિકૃતિ બિરાજમાનવિધિનું સૌભાગ્ય શ્રી શાંતિલાલ કસ્તુરચંદ ઝોબાળિયા–પરિવાર, હા. જયંતીભાઈ તથા કનુભાઈને સમ્પ્રાપ્ત થયું હતું અને પ્રતિકૃતિ–નિર્માણ લાભ શ્રી અનંતરાય અમુલખ શેઠ–પરિવારને પ્રાપ્ત થયો હતો. આ પાવન અવસર પર મુમુક્ષુમંડળ આનંદોલ્લાસથી હર્ષિત થઈ ઉઠયું હતું.

# વૈરાગ્ય સમાચાર :—

* નાઈરોબીનિવાસી શ્રી રામજી દેપાર ધનાણી (તે શ્રી પ્રેમચંદભાઈ–લંડન–તથા શ્રી મનસુખલાલભાઈ–નાઈરોબી–ના પિતાશ્રી) (વર્ષ-૯૪) તા. ૩–૧૧–૯૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી હિંમતલાલ વૃજલાલ શાહ, તા. ૨–૧–૯૬ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી ચંપાબેન લખમીચંદ મહેતા (તે સ્વ. શ્રી ખુશાલચંદ પાનાચંદ–રાજકોટવાળાની પુત્રી) તા. ૨૦–૧–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી પ્રભાબેન ખુશાલચંદ પાનાચંદ કામદાર (વર્ષ-૮૭) તા. ૩૧–૧–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કલકત્તાનિવાસી શ્રી દમયંતીબેન રસિકલાલ વિક્રમચંદ સંઘવી (વાંકાનેરવાળા) (વર્ષ-૭૬) તા. ૨૮–૧–૯૬ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વરસો સોનગઢ સ્થાયી રહીને ઘણો જ લાભ લીધો હતો. નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓ સોનગઢ સ્થાયી રહીને લાભ લેતા હતા.

* સુરેન્દ્રનગરનિવાસી સ્વ. શ્રી નારણદાસ કરસનજી શાહના મોટા દિકરા શ્રી નગીનદાસ શાહ (વર્ષ-૬૧) (તે શ્રી પ્રાણલાલ પુરુષોત્તમદાસ કામદારના સાળા) તા. ૩૦–૧–૯૬ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરતનિવાસી શ્રી વૃજલાલ ભાઈલાલ ડેલીવાળા (વર્ષ-૮૨) તા. ૧–૨–૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વારંવાર સોનગઢ આવીને તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢ સ્થાયી ઘણો સમય રહીને ઘણો જ લાભ લીધો હતો. તેઓને દેવ-ગુરુની ભક્તિ તથા તત્ત્વરુચિ ઘણી હતી.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ–ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ–ગુરુ–ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

स्वर्णपुरीमां सम्यक्त्वमहिमानो मंगल महोत्सव

स्वानुभव-प्रेरणामूर्ति पूज्य गुरुदेवश्रीना भक्तरत्न
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

# ૬૪ મો

# 卐 સમ્યક્ત્વજયંતી-મહોત્સવ 卐

[ તા. ૧૦-૩-૯૬ થી તા. ૧૪-૩-૯૬ ]

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-ઉપદેશના પ્રતાપે જેઓશ્રીએ નાની વયમાં સ્વાનુભૂતિ-રસાસ્વાદ કરી લીધો હતો તે કહાન-ગુરુ-ભક્ત-રત્ન પૂજ્ય બહેનશ્રીની ૬૪મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ, જામનગરનિવાસી શ્રી દોલતરાય માણેકચંદ મહેતા–પરિવાર, હસ્તે શ્રી પુષ્પાબેન, મહેશભાઈ તથા જયેશભાઈ તરફથી તા. ૧૦–૩–૯૬, રવિવારથી તા. ૧૪–૩–૯૬, ગુરુવાર, ફાગણ વદ ૧૦—પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસ-પૂર્વક ઉજવવામાં આવશે.

આ પાંચ-દિવસીય સમ્યક્ત્વજયંતી-મહોત્સવ શ્રી ચોંસઠ-ઋદ્ધિમંડલ-વિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશક આધ્યાત્મિક ઓડિયો ટેપ-પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, દેવ–ગુરુ–ભક્તિ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સ્વાનુભૂતિ-પ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા સોનગઢ પધારવા હાર્દિક અનુરોધ છે.

## □ શ્રદ્ધા કર ! □

આહાહા ! સર્વજ્ઞ એટલે પૂરણ પૂરણ એકલું જ્ઞાન; દ્રવ્યમાં પૂરું, ગુણમાં પૂરું, પર્યાયમાં પૂરણ પ્રગટ જ્ઞાન; જ્ઞાન એટલે અપૂર્ણતા નહીં, રાગ નહીં, એકલો જ્ઞાનનો જ પૂરણપ્રકાશ—આમ શ્રદ્ધા કરવા જાય ત્યાં અંતરમાં એકલા જ્ઞાનની અનુભવમાં પ્રતીત થઈ જાય છે. આમાં બીજું કાંઈ કરવાનું નથી. બસ, એકલો જ્ઞાન–આનંદનો રસ જ છે, જ્ઞાનનું ચોસલું છે, એમાં ઇન્દ્રિય, રાગ કે અલ્પજ્ઞતા છે જ નહીં. —પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 ‘ Licensed to
Post without prepayment ’

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે ( સી-મેઈલથી ) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-
વિદેશ માટે ( સી-મેઈલથી ) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A 356 Smt. Kantaben M. Ajmera
Modi No. 2, Sita Burdy,
NAGPUR-440012